# જાન્યુઆરી–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૨

| અપીલ નં./વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૧૩<br>તા.૧૫/૧૨/૨૦૨૧ | અરજદાર શ્રી રણમલભાઈ દેવદાનભાઈ જીલરીયા ધ્વારા તા.૦૧/૧૦/૨૧ (આઈ.ડી.નં.૩૨૧) ની અરજીથી (૧) તા.૦૧/૧૦/૨૧ સુધી માં સુરત શહેરમા કેટલા લોકો ને વેકસીન નો પહેલો ડોઝ અને કેટલા લોકોને વેકસીન નો બીજો ડોઝ આપી દેવા મા આવ્યો છે તેની આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છે આમ વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૫<br>તા.૧૮/૦૧/૨૦૨૨ |
| ૧૪<br>તા.૧૫/૧૨/૨૦૨૧ | અરજદાર શ્રી રણમલભાઈ દેવદાનભાઈ જીલરીયા ધ્વારા તા.૦૧/૧૦/૨૧ (આઈ.ડી.નં.૩૨૦)ની અરજીથી (૧) સુરત શહેર તા.૦૧/૦૧/૧૯ થી તા.૦૧/૧૦/૨૧ સુધીમાં કોરોના વાયરસને કારણે કેટલા લોકો મૃત્યુ પામ્યા તેની વિગતવાર આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છેવિગેરે કુલ–૦૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૬<br>તા.૧૮/૦૧/૨૦૨૨ |
| ૧૫<br>તા.૦૪/૦૧/૨૦૨૨ | અરજદાર શ્રી મિતેશ જરીવાલાધ્વારા તા.૦૮/૧૧/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૦૭૫)ની અરજીથી (૧) જય ક્ષેત્રપાળ ફરસાણ માર્ટમાંથી ૨ વર્ષમાં લીધેલ નાયલોન ખમણનાં સેમ્પલ રીપોર્ટની માહિતી. (૨) જય ક્ષેત્રપાળ ફરસાણ માર્ટમાંથી ૨ વર્ષમાં લીધેલ પાણીનો સેમ્પલનાં રીપોર્ટની માહિતી માંગેલ | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૭<br>તા.૩૧/૦૧/૨૦૨૨ |
| ૧૬<br>તા.૦૪/૦૧/૨૦૨૨ | અરજદાર શ્રી મિતેશ જરીવાલાધ્વારા તા.૦૮/૧૧/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૦૭૬)થી (૧) ૨ વર્ષમાં ઘીનાં કેટલાં સેમ્પલ લીધેલ છે તેની માહિતી. (૨) મિઠાઈમાં લીધેલ કઈ કઈ મિઠાઈનાં સેમ્પલ લીધેલ છે તેની માહિતી. (૩) લક્ષ્મી ડેરીમાંથી શ્રીખંડ અને મઠોનાં સેમ્પલ લીધેલની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૮<br>તા.૩૧/૦૧/૨૦૨૨ |
| ૧૭<br>તા.૨૯/૦૧/૨૦૨૨ | અરજદાર શ્રી મિહિર પટેલ ધ્વારા તા.૩૧/૧૨/૨૧ (આઈ.ડી. નં.૨૩૮૮)થી આપના વિભાગ તેમજ સુરત મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ તમામ ઝોનનાં ફુડ સેફટી ઓફિસરશ્રીઓ ધ્વારા તા.૦૧/૦૧/૧૮ થી સદર માહિતી માંગતી અરજી અન્વયે આપ્યા તારીખ સુધીમાં પૃથ્થકરણ સારૂ જે તે સંસ્થાઓમાંથી નમુનાઓ લેવામાં આવેલ હોય તેવી તમામ સંસ્થાઓનું નામ તેમજ નમુના લીધ્યાની જે તે તારીખની સંપુર્ણ વિગત પ્રમાણિત નકલમાં આપવી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૫<br>તા.૦૪/૦૩/૨૦૨૨ |

| અપીલ નં./વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૧૮<br>તા.૦૩/૦૨/૨૦૨૨ | અરજદાર શ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૨૫/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૩૯૧)ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના તમામ કચેરીઓ, ગાર્ડન, હોલ, બી.આર.ટી.એસ. તથા અન્ય સંબંધિત જગ્યાઓમાં દાખલ થવા ફરજીયાત કોવિડ રસી લીધેલ હોવા અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા જો કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હોય તો તે અંગેની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિતની માહિતી આપશો. વિગેરે કુલ–૦૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૨<br>તા.૧૪/૦૨/૨૦૨૨ |
| ૧૯<br>તા.૦૫/૦૨/૨૦૨૨ | અરજદાર શ્રી કુલદીપ બાલમુકુંદ અધ્વર્યુ ધ્વારા તા.૨૦/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૭૯)ની અરજીથી " તમાકુ, સીગરેટ તથા ગુટકાનું વેચાણનું લાયસન્સ કોના ધ્વારા આપવામાં આવે છે(કયાંથી રજુ કરવામાં આવે છે)"ની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૬<br>તા.૧૪/૦૩/૨૦૨૨ |
| ૨૦<br>તા.૧૪/૦૩/૨૦૨૨ | અરજદાર શ્રી મુકેશભાઈ બી. પટેલ ધ્વારા તા.૨૨/૧૨/૨૧ (આઈ.ડી. નં.૨૩૨૬)ની અરજીથી (૧) અમો અરજદારને સુરત શહેરનાં વિવિધ ફુડ ખાદ્ય પદાર્થના સ્ટોર્સ,દુકાન, હોટલ,રેસ્ટોરન્ટ, કેન્ટીન વગેરેની ફરીયાદ અરજી કે બાતમીનાં આધારે ફુડ વિભાગનાં ચીફ ફુડ સેફટી અધિકારીશ્રીએ ફુડ ખાદ્ય પદાર્થનાં સેમ્પલ નમૂના લીધેલ હોય જેનું પૃથ્થકરણ લેબોરેટરી ધ્વારા કરાવેલ હોય અથવા કરાવવાનું હોય જે તે સ્ટોર્સ,દુકાન, હોટલ,રેસ્ટોરન્ટ, કેન્ટીન વગેરેના સ્થળ સરનામાં અને માલિકનાં નામ સહિતની તા.૦૧/૦૧/૨૧ થી ૨૨/૧૨/૨૧ સુધીની સંપૂર્ણ માહિતી પુરી પાડવા વિનંતી. વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. ની માહિતીની માંગણી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૮<br>તા.૨૫/૦૩/૨૦૨૨ |
| ૨૧<br>તા.૨૫/૦૩/૨૦૨૨ | અરજદાર શ્રી બીપીન બી. બ્રહ્મભટ્ટ ધ્વારા તા.૦૫/૦૨/૨૦૨૨(આઈ.ડી. નં.૨૬૬૧)ની અરજીથી ૧) સુરત મહાનગરપાલિકામાં ફુડ વિભાગમાં ફરજ બજાવતાં ફુડ ઓોફિસરોના નામ, કર્મચારી નંબર, મોબાઈલ નંબર, ટેલીફોન નંબર અને તેઓની કામગીરી ઝોન મુજબની સોંપેલ જવાબદારી સહિતની વિગતવાર માહિતી પુરી પાડવી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. ની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૫<br>તા.૧૨/૦૪/૨૦૨૨ |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/33/2021, Dt.15/12/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :– શ્રી રણમલભાઈ દેવદાનભાઈ જીલરીયા
**સામાવાળાઃ**– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./એફ.એ.પી./૪૨, તા.૧૦/૧૨/૨૦૨૧ થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ " માહિતી અધુરી અને ગેરમાર્ગે દોરનારી છે " હોવાનું કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં. સી./આર.ટી.આઈ./૩૨૧, તા.૦૮/૧૦/૨૦૨૧ થી સંબંધિત વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના વિભાગને લાગત ન જણાતાં તા.૨૧/૧૦/૨૧ ના રોજ ઈ.ચા.ડે.એમ.ઓ.એચ. અને જાહેર માહિતી અધિકારી, વેકસીનેશન બ્રાંચને સંપુર્ણ તબદીલ કરેલ હતી. અરજદારશ્રીએ ઉકત નમુના 'ક' ની તા.૦૧/૧૦/૨૦૨૧(આઈ.ડી.નં.૩૨૧)ની અરજીથી (૧) તારીખઃ૦૧/૧૦/૨૦૨૧ સુધી માં સુરત શહેરમા કેટલા લોકો ને વેકસીન નો પહેલો ડોઝ અને કેટલા લોકોને વેકસીન નો બીજો ડોઝ આપી દેવા મા આવ્યો છે તેની આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છે.(૨) વેકસીન નો પહેલો ડોઝ લીધો હોવા છતા કેટલા લોકો કોરોના વાયરસ થી સંક્રમિત થયા તથા વેકસીન ના બંને ડોઝ લીધા હોવા છતા પણ કેટલા લોકો કોરોના વાયરસ થી સંક્રમિત થયા તેમાંથી કેટલા લોકો કોરોના વાયરસ ના કારણે અવસાન પામ્યા તેની આંકડાકીય માહિતી આપવી. (૩) સુરત શહેરમા તારીખ ૦૧/૦૧/૨૦૧૯ થી તારીખ ૦૧/૧૦/૨૦૨૧ સુધી મા કુદરતી કે અકુદરતી અથવા અન્ય કોઈપણ રીતે કેટલા લોકો મુત્યુ પામ્યા તેની વર્ષ પ્રમાણે ની આંકડાકીય માહિતી આપવી નોંધઃજન્મ અને મરણ રજીસ્ટર એ નોંધાયા મુજબ. (૪) સુરત મહાનગરપાલિકા ને ગુજરાત સરકાર તરફ થી કોરોના વાયરસ સામે લડવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવા મા આવી છે તેની વિગતવાર માહિતી આપવી. (૫) તારીખ ૦૧/૦૧/૨૦૧૯ થી તારીખ ૦૧/૧૦/૨૦૨૧ સુધી મા સુરત ના હીરાઉધોગ મા કામ કરતા કેટલા રત્નકલાકારો કોરોના વાયરસ થી સંક્રમિત થયા તેની વિગતવાર આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છે.(૬) દરેક નાગરિક એ કોરોના વાયરસની રસી એટલે વેકસીન ફરજીયાત લેવી એ મુજબનો કેન્દ્ર સરકાર કે ગુજરાત સરકારે હુકમ કે પરિપત્ર કે આદેશ લેખિત કે મૌખિક રીતે કરવા મા આવ્યો હોય તો એવા પરિપત્ર કે હુકમ ની

નકલ આપવી તથા વેકસીન ફરજીયાત છે કે મરજિયાત તે બાબતે વિગતવાર માહિતી આપવા નમ્ર વિનંતી છે સહિતની કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી અન્વયેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૩૧, તા.૧૭/૧૨/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા પત્ર નં. પીએચડી/વીએસસી/૯૧૧, તા.૧૮/૧૧/૨૦૨૧ થી મુદ્દા નં.૧,૨ અને ૫ ની માહિતી અરજદારશ્રીને પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં.૧ પરત્વે " તા.૦૧/૧૦/૨૦૨૧ સુધીમાં સુરત શહેરમાં નીચે મુજબ વેકસીનના ડોઝ આપવામાં આવ્યા છે પહેલો ડોઝ–૩૩,૭૩,૮૨૧ બીજો ડોઝ–૧૫,૮૭,૪૦૪ " અને મુદ્દા નં.૨ તથા મુદ્દા નં.૫ પરત્વે " અત્રેની કચેરીએ માહિતી ઉપલબ્ધ નથી " હોવાનું જણાય છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૨૧ થી " માહિતી અધુરી અને ગેરમાર્ગે દોરનારી છે " હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતે તા.૦૮/૧૨/૨૦૨૧ નાં રોજ કરેલ અપીલ અરજી તથા અરજદારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૧(આઈ.ડી.નં.૩૨૧)ની આર.ટી.આઈ.ની અરજી સબબ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા અરજદારશ્રીને તેઓના વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે અન્ય મુદ્દાઓ પરત્વે સંબંધિત લાગત વિભાગને અરજદારશ્રીની અરજી તેઓની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય ઉકત વિગતે અરજદારશ્રીની જાણ હેઠળ અપીલ અરજી તબદીલ થયેલ હોય, સદર અપીલ અરજી અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે મુજબ અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/34/2021, Dt.15/12/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :– શ્રી રણમલભાઈ દેવદાનભાઈ જીલરીયા
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,
વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./એફ.એ.પી./૪૩, તા.૧૦/૧૨/૨૦૨૧ થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ " માહિતી અધુરી અને ગેરમાર્ગે દોરનારી છે " હોવાનું કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં. સી./આર.ટી.આઈ./૩૨૦, તા.૦૮/૧૦/૨૦૨૧ થી સંબંધિત વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના વિભાગને લાગત ન જણાતાં ઈ.ચા.ડે.એમ.ઓ.એચ. અને જાહેર માહિતી અધિકારી, વેકસીનેશન બ્રાંચને સંપુર્ણ તબદીલ કરેલ હતી. અરજદારશ્રીએ ઉકત નમુના 'ક' ની તા.૦૧/૧૦/૨૦૨૧(આઈ.ડી.નં.૩૨૦)ની અરજીથી (૧) સુરત શહેર તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસને કારણે કેટલા લોકો મૃત્યુ પામ્યા તેની વિગતવાર આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છે.(૨) સુરત શહેરમાં કોરોના વાયરસની સારવાર દરમિયાન કેટલા લોકોને રેમડેસીવીર ઈન્જેકશનના ડોઝ આપવામાં આવ્યા હતા તથા રેમડેસીવીરના ડોઝ આપવા છતા કેટલા દર્દીઓ મૃત્યુ પામ્યા હતા તેની વિગતવાર આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છે.(૩) સુરત શહેરમાં આવેલ હીરાઉધોગમાં કોરોના વાયરસ બાબતેની સરકારે જાહેર કરેલ ગાઈડલાઈનનું પાલન થાય છે કે કેમ તે બાબતેની તપાસ કેટલી કંપનીઓમાં કરવામાં આવી અને તપાસ દરમ્યાન કેટલી કંપનીઓને કેટલો દંડ ફટકારવામાં આવ્યો તથા કેટલી કંપનીઓને સીલ કરવામાં આવી તથા તપાસ દરમ્યાન કેટલી કંપનીઓએ સરકારની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કર્યુ છે એ તમામ કંપનીઓની તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૨૧ સુધી વર્ષ પ્રમાણેની યાદી સહિત વિગતવાર માહિતી આપવા નમ્ર વિનંતી છે.(૪) સુરત શહેર ખાતે લોકડાઉન દરમિયાન કેટલા શ્રમિકોને ભોજન તથા કેટલા શ્રમિકોને અનાજ કરીયાણા કીટ તથા કેટલા શ્રમિકોને ફ્રુટ પેકેટ તથા કેટલા શ્રમિકોને આર્થિક સહાય કરવામાં આવી તેની યાદી તથા તે બાબતે કેટલો નાણાકીય ખર્ચ કરવામાં આવ્યો હતો તેની તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૨૧ સુધીની યાદી સહિત વિગતવાર માહિતી આપવી.(૫) સુરત ડાયમંડ એસોસિએશનના નેજા હેઠળ ચાલતી ડાયમંડ હોસ્પિટલ સુરત મહાનગરપાલિકા–સંચાલિત છે કે કેમ અને તે હોસ્પિટલનું નિર્માણ થયુ ત્યારે સુરત મહાનગરપાલિકાએ વિનામુલ્યે જમીન આપી છે તે બાબતે વિગતવાર માહિતી આપવી.(૬) સુરત મહાનગરપાલિકાને વર્ષ ૨૦૧૮/૧૯ તથા વર્ષ ૨૦૨૦/૨૧ ના વર્ષ દરમ્યાન વ્યવસાય વેરો(પ્રોફેશનલ ટેક્ષ)ની કેટલા રૂપિયાની આવક થઈ છે તેની વર્ષ પ્રમાણે ની યાદી સહિતની આંકડાકીય માહિતી આપવા નમ્ર વિનંતી છે.(૭)સુરત મહાનગરપાલિકા ધ્વારા કોરોના વાયરસ બાબતે લોકોમાં જનજાગૃતિ આવે તેવા હેતુથી પબ્લિસિટી માટે હોર્ડીંગ્સ બેનર પત્રિકા એલ.ઈ.ડી.સ્કિન અથવા ટી.વી.જાહેરાત અથવા રેડિયો કે મોબાઈલ કે વાહનોમાં સ્ટીકર લગાવવા સહિતની જે જાહેરાતો આપવામાં આવી હતી તેમા કેટલો ખર્ચ થયો હતો અને જાહેરાત આપવા માટે જે તે કંપની કે સંસ્થાને કેટલા કે કેમ તેની પ્રમાણિત નકલો સહિતની માહિતી કુલ–૦૭ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી અન્વયેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૩૧, તા.૧૭/૧૨/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/૯૧૧, તા.૧૮/૧૧/૨૦૨૧ થી મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૭ ની માહિત અરજદારશ્રીને પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં.૧ પરત્વે " સુરત શહેરમાં તા.૦૧/૧૦/૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસને કારણે કુલ–૧૬૨૯ લોકો મૃત્યુ પામેલ છે " અને મુદ્દા નં.૭ પરત્વે " નીલ " માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૨૧ થી " માહિતી અધુરી અને ગેરમાર્ગે દોરનારી છે " હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતે તા.૦૮/૧૨/૨૦૨૧ નાં રોજ કરેલ અપીલ અરજી તથા અરજદારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૧(આઈ.ડી.નં.૩૨૦)ની આર.ટી.આઈ.ની અરજી સબબ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા અરજદારશ્રીને તેઓના વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે અન્ય મુદ્દાઓ પરત્વે સંબંધિત લાગત વિભાગને અરજદારશ્રીની અરજી તેઓની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય ઉકત વિગતે અરજદારશ્રીની જાણ હેઠળ અપીલ અરજી તબદીલ થયેલ હોય, સદર અપીલ અરજી અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે મુજબ અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/36/2022,Dt.04/01/2022
આરોગ્યવિભાગ.

**અરજદાર :** શ્રી મિતેશ જરીવાલા
**સામાવાળા:** જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીધ્વારાતા.૨૩/૧૨/૨૦૨૧નારોજ મ્યુ.કમિશ્નરશ્રી, અપીલ અધિકારીશ્રી,સુરત મહાનગર સેવા સદન, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૬૦૩, તા.૨૭/૧૨/૨૦૨૧ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ પ્રાપ્તથયેલ છે. અરજદારશ્રીએ " જવાબ મળેલ નથી " તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલછે.

અરજદારશ્રીની નમુના—ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએતા.૦૮/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૨૦૭૫)થી જાહેર માહિતી અધિકારી, આરોગ્ય અધિકારી, ફુડ વિભાગ, નોર્થ(કતારગામ)ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના—'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૦૭૫, તા.૦૯/૧૧/૨૦૨૧ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે મુજબ નમુના "ક" ની અરજીથી (૧) જય ક્ષેત્રપાળ ફરસાણ માર્ટમાંથી ૨ વર્ષમાં લીધેલ નાયલોન ખમણનાં સેમ્પલ રીપોર્ટની માહિતી. (૨) જય ક્ષેત્રપાળ ફરસાણ માર્ટમાંથી ૨ વર્ષમાં લીધેલ પાણીનો સેમ્પલનાં રીપોર્ટની માહિતી માંગેલ હોવાનું જણાય છે.સદર અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૮૮૮, તા.૨૪/૧૧/૨૦૨૧ થી " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રસ્તુત મુદ્દાઓથી આપ ધ્વારા માંગેલ માહિતી બાબતે સદર સંસ્થામાંથી નાયલોન ખમણ/પાણીનાં કોઈ નમુના લેવામાં આવેલ નથી. જેથી માહિતી નીલ છે." તે મુજબનો પ્રત્યુત્તર પુરો પાડેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતીપરત્વે" જવાબ મળેલ નથી " તેમ જણાવીતા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથીઅરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારીઅનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગતરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરવિગેરે બાબતો ધ્યાનેલઈ નીચે મુજબનો હુકમ કરી અપીલઅરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીનીતા.૦૮/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૨૦૭૫)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબજાહેર માહિતીઅધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીની ઉકત નમુના—'ક' ની અરજી પરત્વે તેઓને સમયમર્યાદામાં એટલે કે તા.૨૪/૧૧/૨૦૨૧નાં રોજ પત્ર નં.પીએચડી/ફુડ/૨૮૮૮થી માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતું હોય અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું/ કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦/એ,ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૨

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/37/2022,Dt.04/01/2022**
**આરોગ્યવિભાગ.**

**અરજદાર :** શ્રી મિતેશ જરીવાલા
**સામાવાળા:** જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીધ્વારાતા.૨૩/૧૨/૨૦૨૧નારોજ મ્યુ.કમિશ્નરશ્રી, અપીલ અધિકારીશ્રી,સુરત મહાનગર સેવા સદન, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૬૦૩, તા.૨૪/૧૨/૨૦૨૧ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ પ્રાપ્તથયેલ છે. અરજદારશ્રીએ " અપુરતી માહિતી મળેલ છે " તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલછે.

અરજદારશ્રીની નમુના—ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએતા.૦૮/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૨૦૭૬)થી જાહેર માહિતી અધિકારી, આરોગ્ય અધિકારી, ફુડ વિભાગ, નોર્થ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના—'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૦૭૬, તા.૦૯/૧૧/૨૦૨૧ થી ફુડ ઈનસ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે મુજબ નમુના "ક" ની અરજીથી (૧) ૨ વર્ષમાં ઘીનાં કેટલાં સેમ્પલ લીધેલ છે તેની માહિતી. (૨) મિઠાઈમાં લીધેલ કઈ કઈ મિઠાઈનાં સેમ્પલ લીધેલ છે તેની માહિતી. (૩) લક્ષ્મી ડેરીમાંથી શ્રીખંડ અને મઠોનાં સેમ્પલ લીધેલની માહિતી માંગેલ હોવાનું જણાય છે.સદર અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૮૯૦, તા.૨૪/૧૧/૨૦૨૧ થી મુદ્દા નં.૦૧ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રસ્તુત મુદ્દાઓથી આપ ધ્વારા માંગેલ માહિતી બાબતે સદર સંસ્થામાંથી ઘી નાં કોઈ નમુના લેવામાં આવેલ નથી. જેથી માહિતી નીલ છે." તથા મુદ્દા નં.૦૩ થી " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રસ્તુત મુદ્દાઓથી આપ ધ્વારા માંગેલ માહિતી બાબતે સદર સંસ્થામાંથી શ્રીખંડ અને મઠોનાં કોઈ નમુના લેવામાં આવેલ નથી. જેથી માહિતી નીલ છે." તે મુજબ નો પ્રત્યુત્તર આપેલ જયારે મુદ્દા નં.૦૨ માટે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર સંસ્થામાંથી લેવામાં આવેલ મિઠાઈનાં નમુનાઓનાં પૃથ્થકરણ અહેવાલની નકલ મેળવવા કુલ—૦૪ પાનામાં દીઠ રૂા.૦૨/— લેખે રૂા.૦૮/— આ વિભાગ/કચેરીમાં ભરી મેળવી શકો છો." તે મુજબ નકલ ફી ભરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે. જે મુજબ અરજદારશ્રી ધ્વારા તા.૨૯/૧૧/૨૦૨૧ના રોજ નકલ ફી ભરપાઈ કરતાં પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૦૨, તા.૦૨/૧૨/૨૦૨૧ ના રોજ કુલ—૦૪ નકલ પુરી પાડેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતીપરત્વે"અપુરતી માહિતી મળેલ છે" તેમ જણાવીતા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ, પરંતુ

અરજદારશ્રી ધ્વારા અપુરતી માહિતી મળેલ સબબ કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથીઅરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારીઅનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગતરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર/માહિતી વિગેરે બાબતો ધ્યાનેલઈ નીચે મુજબનો હુકમ કરી અપીલઅરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીનીતા.૦૮/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૨૦૭૬)ની આર.ટી.આઈ.ની નમુના–'ક' ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષીરેકર્ડ આધારીત માહિતીપુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબજાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજી મુદ્દા.નં.૧ અને ૩ માટે "નીલ" માહિતી પુરી પાડેલ હોવાનું તથા મુદ્દા નં.૦૨ પરત્વે નકલ ફી ભરપાઈ કરતાં કુલ–૦૪ પાનામાં માહિતીની નકલ પુરી પાડેલ હોવાનું જણાતું હોય, જેતમામ હકીકતો ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી સબબ વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૨

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/38/2022,Dt.29/01/2022**
**આરોગ્યવિભાગ.**

**અરજદાર** : શ્રી મિહિર પટેલ

**સામાવાળા**: જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૮/૦૧/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), અને ડેઝીગ્નેટેડ ઓફિસર, સુરત મહાનગર સેવા સદન, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૬૫૮, તા.૨૮/૦૧/૨૦૨૨ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૨૯/૦૧/૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ નિર્ણયથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૩૧/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૮૮)થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, ફુડ વિભાગ, (તમામ ઝોન), સેન્ટ્રલ ઝોન, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૨૩૮૮, તા.૦૧/૦૧/૨૦૨૨ થી ડે. ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે મુજબ નમુના "ક" ની અરજીથી આપના વિભાગ તેમજ સુરત મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ તમામ ઝોનનાં ફુડ સેફટી ઓફિસરશ્રીઓ ધ્વારા તા.૦૧/૦૧/૨૦૧૮ થી સદર માહિતી માંગતી અરજી અન્વયે માહિતી આપ્યા તારીખ સુધીમાં પૃથ્થકરણ સારૂ સુરતની તમામ સંસ્થાઓમાંથી લેવામાં આવેલ ફરસાણ, મીઠાઈઓ, માવો તેમજ તમામ ફુડ, તમામ ખાદ્ય–અખાદ્ય પદાર્થનાં સેમ્પલો/નમુનાઓ તેમજ તે અન્વયે કાર્યવાહી અન્વયે નીચે મુજબની માહિતી, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ મુજબ આપવી.(૧) આપના વિભાગ તેમજ સુરત મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ તમામ ઝોનનાં ફુડ સેફટી ઓફિસરશ્રીઓ ધ્વારા તા.૦૧/૦૧/૨૦૧૮ થી સદર માહિતી માંગતી અરજી અન્વયે આપ્યા તારીખ સુધીમાં પૃથ્થકરણ સારૂ જે તે સંસ્થાઓમાંથી નમુનાઓ લેવામાં આવેલ હોય તેવી તમામ સંસ્થાઓનું નામ તેમજ નમુના લીધ્યાની જે તે તારીખની સંપુર્ણ વિગત પ્રમાણિત નકલમાં આપવી.(૨) મુદ્દા નં.૧માં દર્શાવેલ તમામ સેમ્પલો અન્વયે સંસ્થા તેમજ તારીખ દીઠ જથ્થો અને પ્રકાર વિગેરેની સંપુર્ણ માહિતી પ્રમાણિત નકલમાં આપવી. (૩) મુદ્દા નં.૧ માં દર્શાવેલ તમામ સેમ્પલોને પૃથ્થકરણ સારૂ જે તે લેબોરેટરીમાં મોકલી આપેલ હોય તે તમામ લેબોરેટરીનું નામ, સેમ્પલો તારીખ જણાવશો. (૪) મુદ્દા નં.૩ અન્વયે જે તે તારીખનું જાવક રજીસ્ટરની પ્રમાણિત નકલ આપવી. વિગેરે કુલ–૧૦ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે. સદર અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૫૬૮, તા.૨૦/૦૧/૨૦૨૨ થી " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં આપે માંગેલ માહિતી વિસ્તૃત સ્વરૂપમાં હોય દફતરી રેકર્ડની તપાસણી કરવા તા.૨૭/૦૧/૨૦૨૨નાં રોજ સવારે ૧૧–૦૦ કલાકે જણાવવામાં આવે છે. તપાસણી પછી તમો જણાવશો તે નકલો કાયદાની દૃષ્ટિએ પ્રતિબંધિત ન હોય તો નિયત ફી ભરપાઈ કરવાથી આપવામાં આવશે." તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર/પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે. પરંતુ આજદિન સુધી અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવનો સ્વીકારેલ નથી તેમજ રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને આપવામાં આવેલ પ્રત્યુત્તર/પ્રસ્તાવ પરત્વે " જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકાર અધિનિયમન–૨૦૦૫નાં કાયદાનો અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયા છે. સદર કામના જાહેર માહિતી અધિકારીશ્રી જાણીજોઈને કોરોના કાળમાં ધકકા ખવડાવવા માંગતા હોય તેવું જણાઈ આવે છે" તેમ કારણ જણાવી તા.૨૯/૦૧/૨૦૨૨ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી. અરજદારશ્રી તરફથી જાહેર માહિતી અધિકારીને સંપુર્ણ માહિતી કલમ ૭(૬) હેઠળ ફ્રીમાં આપવા, ભવિષ્યમાં આ કામના માહિતી અધિકાર કાયદાનું સમયસર અને યોગ્ય પાલન થાય એવો હુકમ કરવા તેમજ સદરહુ તમામ વિષય અન્વયે અમો

અપીલકર્તાને અમોની માહિતી માંગતી અરજીમાં જણાવેલ તમામ મુદ્દાઓ અન્વયે સંપુર્ણ માહિતી તેમજ માહિતીની નકલો તાત્કાલિક ધોરણે મળી રહે જેવો ન્યાયિકહિત અને જાહેરહિતમાં હુકમ કરવા અંગેની દાદ માંગેલ હતી.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૪૦, તા.૦૭/૦૨/૨૦૨૨ મુજબ તા.૧૬/૦૨/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ડે.મ્યુનિ.કમિશનર (હેલ્થ અને હો.) અને એપેલેટ ઓફિસરની કચેરી, સુરત મહાનગરપાલિકા બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ સદર દિને અરજદારશ્રી હાજર રહેલ ન હોય, સુનાવણી થઈ શકેલ ન હતી. જયારે ફુડ વિભાગ તરફે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. ઉકત સુનાવણી માટે અરજદારશ્રીનો ટેલીફોનીક સંપર્ક કરતાં સુનાવણીમાં હાજર ન રહેવા માંગતા હોવાનું જણાવી તેઓશ્રી ધ્વારા પ્રથમ અપીલ સંદર્ભે કરેલ રજુઆત મુજબ તા.૧૭/૦૨/૨૦૨૨નો પત્રઅત્રે વિભાગને મોકલેલ હતો.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રસ્તાવ/પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

આર.ટી.આઈ.એકટની કલમ—૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૩૧/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૮૮)ની આર.ટી.આઈ.ની અરજીથી વિસ્તૃત પ્રકારની માંગણી કરેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવાનો આપેલ પ્રસ્તાવ ઉચિત જણાય છે, જે મુજબ અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી પાસે દફતરી તપાસણી અર્થે આગોતરા સમય મેળવી, પ્રસ્તાવનો સ્વીકાર કરી દફતરી તપાસણી કરી,નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. આથી સદર બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦ /૨૦૨૨

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/39/2022, Dt.03/02/2022**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :— શ્રીઅરૂણ એસ. પાઠક
**સામાવાળા**:— જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,
વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ અપીલ સત્તાધિકારી અને ડે. કમિશ્નરશ્રી, (હેલ્થ અને હોસ્પિટલ) સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી કરેલ હતી,જે અત્રેના વિભાગને તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ '' માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૬ની માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અમોને ગેરમાર્ગે દોરવા નિયત સમય બાદ ઉપજાવી કાઢેલી અધુરી માહિતી પુરી પાડી હોય '' તેમ કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના—ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૫/૧૧/૨૦૨૧ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કચેરી, સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના—'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અનેનાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં. સીઝેડ/ના.આ.અધિ./આઉટ/૧૪૫, તા.૦૬/૧૨/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચને તબદીલ કરેલ હતી.અરજદારશ્રીએ ઉકત નમુના 'ક' ની તા.૨૫/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૩૯૧)ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકાના તમામ કચેરીઓ, ગાર્ડન, હોલ, બી.આર.ટી.એસ. તથા અન્ય સંબંધિત જગ્યાઓમાં દાખલ થવા ફરજીયાત કોવિડ રસી લીધેલ હોવા અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા જો કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હોય તો તે અંગેની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિતની માહિતી આપશો. (૨)સુરત મહાનગરપાલિકાના તમામ કચેરીઓ, ગાર્ડન, હોલ, બી.આર.ટી.એસ. તથા અન્ય સંબંધિત જગ્યાઓમાં દાખલ થવા કોવિડ રસીનો ડોજ ન લીધેલ લોકોને પાબંધી અંગે સુરત મહાનગરપાલિકા અથવા સરકાર ધ્વારા જો કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હોય તો તે ભારતીય સંવિધાનના કયા કાયદા અથવા નિયમ મુજબ બહાર પાડવામાં આવેલ છે તે અંગેની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિતની માહિતી આપશો વિગેરે કુલ—૦૭ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત નમુના 'ક'ની અરજીથી માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/૧૧૯૦, તા.૨૦/૦૧/૨૦૨૨ થી મુદ્દા નં.૦૭ની આંશીક માહિતી તેઓના વિભાગને લાગત ન જણાતા જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારીશ્રી પ્રતિ આંશીક તબદીલ કરેલ હોવાનું જણાય છે. જયારે અન્ય માહિતી પરત્વે પત્ર નં.પીએચડી/વીએસસી/૧૧૮૯, તા.૨૦/૦૧/૨૦૨૨ થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પુરો પાડેલ હોવાનું જણાય છે.

ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અનેઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે '' માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૬ની માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અમોને ગેરમાર્ગે દોરવા નીયત સમય બાદ ઉપજાવી કાઢેલી અધુરી માહિતી પુરી પાડી હોય, જેથી અમારા ધ્વારા માંગવામા આવેલ માહિતી રેકર્ડ આધારિત વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવા દાદ માંગી '' જણાવી તા.૦૧/૦૨/૨૦૨૨ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન બ્રાંચ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતે તા.૦૧/૦૨/૨૦૨૨ નાં રોજ કરેલ અપીલ અરજી તથા અરજદારશ્રીની તા.૨૫/૧૧/૨૦૨૧(આઈ.ડી.નં.૩૯૧)ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન બ્રાંચ ધ્વારા અરજદારશ્રીને તેઓના વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે મુદ્દાસર માહિતી આપેલ હોવાનું જણાતું ન હોય, આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબજાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન બ્રાંચને તેઓના વિભાગને લાગત મુદ્દાઓ માટે મુદ્દાસર રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ—૭(૬)અંતર્ગત વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન—૦૫ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા જણાવવામાં આવે છે,જયારે તેઓનાં વિભાગને લાગત ન હોય તેવી અન્ય માહિતી માટે આર.ટી.આઈ. એકટનો હાર્દ હેતુ ઘ્યાને લઈ સંબંધિત જાહેર સત્તામંડળને અરજદારશ્રીની ઉકત વિગતે માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ હેઠળની માહિતી માંગતી અરજી દિન—૦૫ માં અત્રેની તથા અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવા આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/<br>
તા. /૦૨/૨૦૨૨

આરોગ્ય અધિકારી અને<br>
એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/40/2022,Dt.05/02/2022**
**આરોગ્યવિભાગ**

**અરજદાર** : શ્રીકુલદીપ બાલમુકુંદ અધ્વર્યુ
**સામાવાળા:** (૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા.
(૨) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૧/૦૨/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારી, જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સે. ઝોનતેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૬૬૯, તા.૦૨/૦૨/૨૦૨૨ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૫/૦૨/૨૦૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ " સાચી માહિતી હજુ સુધી હમો કરદાતાને મળી નથી" તેમ કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૦/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૭૯)થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૩૭૯, તા.૩૦/૧૨/૨૦૨૧ થી (૧) ડે. ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ (૨) ડે. એમ.ઓ.એચ. અને જાહેર માહિતી અધિકારી, મુખ્ય આરોગ્ય વિભાગ તેમજ (૩) જાહેર માહિતી અધિકારી, પોલીસ કમિશ્નરની કચેરી, સુરત પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. સદર નમુના "ક" ની અરજીથી " તમાકુ, સીગરેટ તથા ગુટકાનું વેચાણનું લાયસન્સ કોના ધ્વારા આપવામાં આવે છે(કયાંથી રજુ કરવામાં આવે છે)"ની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજી અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૪૧, તા.૦૮/૦૨/૨૦૨૨ મુજબ જણાવવામાં આવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૮૨૪, તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ પુર્તતા રજુ કરી તેમાં જણાવ્યાનુંસાર છે કે, ઉકત અરજદારશ્રીની તા.૨૦/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૭૯)ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે" અત્રેથી ગુટકા તથા સિગરેટનું લાયસન્સ આપવામાં આવતું નથી. અત્રેનાં દફતરી રેકર્ડ પર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી " તે મુજબનો પ્રત્યુત્તર પત્ર નં.પીએચડી/ફુડ/૩૫૧૬, તા.૧૭/૦૧/૨૦૨૨ થી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

વધુમાં સદર અપીલ અરજી અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૪૩, તા.૧૭/૦૨/૨૦૨૨ મુજબ જણાવવામાં આવેલ,જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ./આ.નં.૧૯૧, તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ પુર્તતા રજુ કરેલ હતી.જે મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા ફુડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ, બ્લોક–સી, બહુમાળી, નાનપુરા પ્રતિ પત્ર નં.સી.ઝેડ/ના.આ.અધિ./આઉટ/૧૬૪/૧, તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ, પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડેઝીગ્નેટેડ

ઓફિસર, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર ધ્વારા નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનને સદર આર.ટી.આઈ.ની અરજી પરત કરેલ હતી. ત્યારબાદ સદર આર.ટી.આઈ.ની અરજી નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ./આઉટ/૧૭૩, તા.૧૨/૦૧/૨૦૨૨ થી ચીફ એસ.આઈ. અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન પ્રતિ સંપુર્ણ તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનના આર.ટી.આઈ. અરજીના તબદીલી પત્રતેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તેમજ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

આર.ટી.આઈ.એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૨૦/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૭૯)ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના વિભાગને માહિતી લાગત ન જણાતા અન્ય વિભાગ પરત્વે તબદીલ કરેલ હોવાનું જણાતું હોય જયારે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા તેઓના વિભાગને લાગત માહિતી અરજદારશ્રીને પુરી પાડેલ હોય, સદર બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૩/૨૦૨૨

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/46/2022,Dt.14/03/2022
આરોગ્યવિભાગ

**અરજદાર** : શ્રી મુકેશભાઈ બી. પટેલ

**સામાવાળા**:જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), અને ડેઝીગ્નેટેડ ઓફિસર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૭૩૫, તા.૦૮/૦૩/૨૦૨૨ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૨/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૨૬)થી જાહેર માહિતી અધિકારીશ્ર અને ફુડ અધિકારી, ફુડ વિભાગ, રંગ ઉપવનની બાજુમાં, મકકાઈ પુલ, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/ સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૩૨૬, તા.૨૩/૧૨/૨૦૨૨ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ ખાતુ પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે મુજબ નમુના "ક" ની અરજીથી (૧) અમો અરજદારને સુરત શહેરનાં વિવિધ ફુડ ખાધ્ય પદાર્થેના સ્ટોર્સ,દુકાન, હોટલ,રેસ્ટોરન્ટ, કેન્ટીન વગેરેની ફરીયાદ અરજી કે બાતમીનાં આધારે ફુડ વિભાગનાં ચીફ ફુડ સેફટી અધિકારીશ્રીએ ફુડ ખાધ્ય પદાર્થેનાં સેમ્પલ નમૂના લીધેલ હોય જેનું પૃથ્થકરણ લેબોરેટરી ધ્વારા કરાવેલ હોય અથવા કરાવવાનું હોય જે તે સ્ટોર્સ,દુકાન, હોટલ,રેસ્ટોરન્ટ, કેન્ટીન વગેરેના સ્થળ સરનામાં અને માલિકનાં નામ સહિતની તા.૦૧/૦૧/૨૦૨૧ થી ૨૨/૧૨/૨૦૨૧ સુધીની સંપૂર્ણ માહિતી પુરી પાડવા વિનંતી.(આઉટવર્ડ રજીસ્ટર નોંધ સને–૨૦૨૧/૨૨ આધારીત) (૨) ઉપરોકત જણાવેલ ફુડ ખાધ્ય પદાર્થેનાં સેમ્પલ નમુના વાંધાજનક અને અમાન્ય લેબોરેટરી પૃથ્થકરણ રીપોર્ટમાં જણાવેલ હોય તે તમામ ઉપરોકત સ્ટોર્સ,દુકાન,હોટલ,રેસ્ટોરન્ટ, કેન્ટીન વગેરેનાં સ્થળ સરનામાં અને માલિક પર કરવામાં આવેલ કાયદેસરની કાર્યવાહી તા.૦૧/૦૧/૨૦૨૧ થી ૨૨/૧૨/૨૦૨૧ સુધીની સંપૂર્ણ માહિતી પુરી પાડશો.(આઉટવર્ડ રજીસ્ટર નોંધ સને–૨૦૨૧/૨૨ આધારીત) (૩) ઉપરોકત જણાવેલ ફુડ ખાધ્ય પદાર્થેનાં સેમ્પલ નમુના વાંધાજનક અને અમાન્ય લેબોરેટરી પૃથ્થકરણ રીપોર્ટમાં આવેલ હોય તે તમામ ઉપરોકત સ્ટોર્સ,દુકાન,હોટલ,રેસ્ટોરન્ટ, કેન્ટીન વગેરેનાં હાલની સ્થળ સ્થિતીની તા.૦૧/૦૧/૨૦૨૧ થી ૨૨/૧૨/૨૦૨૧ સુધીની સંપૂર્ણ માહિતી બની શકે તો ફોટોગ્રાફનાં પુરાવા સહિતની પુરી પાડશો.(આઉટવર્ડ રજીસ્ટર નોંધ સને–૨૦૨૧/૨૨ આધારીત) વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે. સદર અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૩૭૧, તા.૩૦/૧૨/૨૦૨૧ થી " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં આપે માંગેલ માહિતી વિસ્તૃત સ્વરૂપમાં હોય દફતરી રેકર્ડની તપાસણી કરવા તા.૦૫/૦૧/૨૦૨૨નાં રોજ સવારે ૧૧–૦૦ કલાકે જણાવવામાં આવે છે. તપાસણી પછી તમો જણાવશો તે નકલો કાયદાની દૃષ્ટિએ પ્રતિબંધિત ન હોય તો નિયત ફી ભરપાઈ કરવાથી આપવામાં આવશે." તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર/પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે. પરંતુ આજદિન સુધી અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી

ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવનો સ્વીકારેલ નથી તેમજ રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને આપવામાં આવેલ પ્રત્યુત્તર/પ્રસ્તાવ પરત્વે " અમો અરજદારે સંપુર્ણ અને સ્પષ્ટ માહિતી મેળવવા માટે નમુના 'ક'ની અરજીના ૧ થી ૩ મુદ્દાની માહિતી માંગેલ જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીએ અમોને માંગેલ ન હોવા છતાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ આપેલ જેનાથી નારાજ થઈ અમો અરજદારે કલમ ૧૯(૧) અન્વયે પ્રથમ અપીલ કરેલ છે." અમો અરજદારને માંગેલ માહિતી આપાવવા વિનંતી કરી દાદ માંગેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રસ્તાવ/પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

આર.ટી.આઈ.એકટની કલમ—૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૨૨/૧૨/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૩૨૬)ની આર.ટી.આઈ.ની અરજીથી વિસ્તૃત પ્રકારની માંગણી કરેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવાનો આપેલ પ્રસ્તાવ ઉચિત જણાય છે, જે મુજબ અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી પાસે દફતરી તપાસણી અર્થે આગોતરા સમય મેળવી, પ્રસ્તાવનો સ્વીકાર કરી દફતરી તપાસણી કરી, નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. આથી સદર બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૩/૨૦૨૨

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/49/2022,Dt.25/03/2022

**આરોગ્યવિભાગ**

**અરજદાર :** શ્રી બીપીન બી. બ્રહ્મભટ્ટ
**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૭/૦૩/૨૦૨૨ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ)અને ડેઝીગ્નેટેડ ઓફિસર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૭૬૯, તા.૨૧/૦૩/૨૦૨૨ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંપુર્ણ માહિતી છુપાવેલ હોવાનું કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૫/૦૨/૨૦૨૨(આઈ.ડી. નં.૨૬૬૧)થી જાહેર માહિતી અધિકારીશ્રી, ફુડ વિભાગ, સુ.મ.ન.પા.સુરતને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૬૧૧, તા.૦૭/૦૨/૨૦૨૨ થીજાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે મુજબ નમુના "ક" ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં ફુડ વિભાગમાં ફરજ બજાવતાં ફુડ ઓાફિસરોના નામ, કર્મચારી નંબર, મોબાઈલ નંબર, ટેલીફોન નંબર અને તેઓની કામગીરી ઝોન મુજબની સોંપેલ જવાબદારી સહિતની વિગતવાર માહિતી પુરી પાડવી. (૨) ઉપરોકત તમામ ફુડ ઓફિસરોએ તા.૦૧.૦૪.૨૦૨૧ થી આજદિન સુધી લીધેલા નમુના અને નમુનાનું આવેલ પરિણામ સહિતની માહિતી પુરી પાડવી. (૩) તા.૦૧.૦૪.૨૦૨૧ થી આજદિન સુધી ખાધ્યપદાર્થ વેચતી સંસ્થાઓ તેમજ પાણીના પ્લાન્ટ સહિતની તમામ સંસ્થાઓને પાઠવેલ નોટીસો અને ત્યારબાદ થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને ફુડ કચેરીમાં થયેલ નોંધ નોટિંગ રીપોર્ટ સહિતની સંપુર્ણ માહિતી. (૪) મ્યુ.કમિશ્રનરશ્રીએ નકકી કરેલ પ્રતિમાસ સેમ્પલ ન લાવ્યા હોય તો તે ફુડ ઓફિસરો વિરુધ્ધ થયેલ કાર્યવાહી અને પાઠવેલ નોટીસ તેમજ નોટીસ પાઠવ્યા બાદ થયેલ કાર્યવાહી પત્રવ્યવહાર સહિતની માહિતી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૪૯, તા.૨૮/૦૩/૨૦૨૨ થી જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ પ્રતિ દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવેલ, તે મુજબ જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પુર્તતા રીપોર્ટ મોકલી આપવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૯૧૧, તા.૦૨/૦૩/૨૦૨૨ મુદ્દા નં.૧ થી " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રસ્તુત મુદ્દાથી આપ ધ્વારા માંગેલ માહિતી પૈકી અત્રેના વિભાગની માહિતી આ સાથેનાં પત્રકમાં સામેલ છે " જયારે મુદ્દા નં.૨ અને ૩ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં આપે માંગેલ માહિતી વિસ્તૃત સ્વરૂપમાં હોય દફતરી રેકર્ડની તપાસણી કરવા તા.૦૫/૦૩/૨૦૨૨નાં રોજ સવારે

૧૧–૦૦ કલાકે જણાવવામાં આવે છે. તપાસણી પછી તમો જણાવશો તે નકલો કાયદાની દૃષ્ટિએ પ્રતિબંધિત ન હોય તો નિયત ફી ભરપાઈ કરવાથી આપવામાં આવશે." તે મુજબનો પ્રસ્તાવ આપેલ હોવાનું અને મુદ્દા નં.૪ અન્વયે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્રસ્તુત મુદ્દાથી આપ ધ્વારા માંગેલ માહિતી પૈકી અત્રેના વિભાગની માહિતી નીલ છે." તે મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પુરો પાડેલ હોવાનું જણાય છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા આપેલ પ્રસ્તાવનો સ્વીકાર કરી અરજદારશ્રીએ તા.૦૫/૦૩/૨૦૨૨ના રોજ રૂબરૂ દફતરી રેકર્ડ નિરીક્ષણ કરેલ, જે મુજબ દફતરી રૂબરૂ નિરીક્ષણ સમયે અરજદારશ્રીએ મુદ્દા નં.૨ અન્વયે લિંબાયત, કતારગામ અને વરાછા ઝોન વિસ્તાર સંબંધિત છેલ્લાં ચાર માસ દરમ્યાન નાપાસ માલુમ પડેલ નમુનાનાં પરિણામો અને મુદ્દા નં.૩ પરત્વે પાણીનાં પ્લાન્ટોને આપવામાં આવેલ નોટીસોની નકલની માંગણી કરેલ હોવાનું જણાય છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૧૧૭, તા.૦૭/૦૩/૨૦૨૨ થી ઉકત માહિતીના કુલ–૨૨ નકલ પરત્વે રૂ.૪૪/– ભરી માહિતી મેળવી લેવાનો પ્રસ્તાવ આપેલ, જે અન્વયે અરજદારશ્રી તરફથી રૂ.૪૪/– તા.૧૦/૦૩/૨૦૨૨ થી ભરપાઈ કરવામાં આવેલ હોય, જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૩૦૧, તા.૧૧/૦૩/૨૦૨૨ થી કુલ–૨૨ નકલ અરજદારશ્રીને પુરી પાડેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીએ અપીલ અરજીમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને આપવામાં આવેલ પ્રત્યુત્તર/પ્રસ્તાવ તેમજ આપેલ માહિતીની નકલ પરત્વે " જાહેર માહિતી અધિકારી અને ફુડ ઓફિસરશ્રી, ધ્વારા તા.૦૨/૦૩/૨૦૨૨ના પત્રથી મુદ્દા નં.૧ની માહિતી પુરી પાડેલ છે. મુદ્દા નં.૨ અને ૩ માટે તા.૦૫/૦૩/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે રેકર્ડ નિરીક્ષણ કરવા જણાવેલ. જે અમોને કરેલ છે, તેમ છતાં અમોએ કરેલ રેકર્ડ નિરીક્ષણમાં અમોએ માંગેલ માહિતી પુરી પાડેલ નથી, ત્યારબાદ મુદ્દા નં.૪ની માહિતી નીલ હોવાનું જણાવી સંપુર્ણ માહિતી છુપાવેલ છે. તેમ જાહેર માહિતી અધિકારી ધ્વારા અમોએ માંગેલ સંપુર્ણ માહિતી છુપાયેલ છે. તેમ માંગ્યા મુજબની માહિતી ન પુરી પાડનાર જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરશો અને અમોને માંગેલ માહિતી વિનામુલ્યે પુરી પાડવશો. તેમ પોતાના તાબા હેઠળની અને પોતાના વિભાગમાં ઉપલબ્ધ માહિતી છુપાવેલ છે, તેમ માંગેલ માહિતી ન પુરી પાડી હોવાનાં મુખ્ય અને ઠોસ કારણો જણાવી નારાજ થઈ તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં સંપુર્ણ માહિતી છુપાવનાર જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસર વિરૂદ્ધ કાર્યવાહી કરવી, નમુના–ક માં અમોને માંગેલ માહિતી જે સદર જાહેર માહિતી અધિકારીઓ પાસે ઉપલબ્ધ છે જ તે માહિતી મુદ્દાસર કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે પુરી પડાવશો, તેમજ અમોને થયેલ ખર્ચ અને હેરાનગતી બદલ યોગ્ય વળતર આપવા અંગેની દાદ માંગેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રસ્તાવ/પ્રત્યુત્તર/માહિતીની નકલો વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આર.ટી.આઈ.એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૦૫/૦૨/૨૦૨૨ (આઈ.ડી. નં.૨૬૬૧)ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ પરત્વે માહિતીની નકલો પુરી

પાડેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૨ અને ૩ પરત્વે રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવાનો પ્રસ્તાવ આપેલ તેમજ અરજદારશ્રીએ નકલ ફીના નાણા ભર્યેથી નકલો પુરી પાડેલ હોવાનું જણાય છે,જયારે મુદ્દા નં.૪ પરત્વે "નીલ" માહિતી પુરી પાડેલ છે, જે ઉચિત જણાય છે આમ સદર બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૪/૨૦૨૨

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# એપ્રિલ–૨૦૨૧ થી જુન–૨૦૨૧

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૦૧<br>તા.૦૧/૦૫/૨૦૨૧ | અરજદારશ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૨૬/૦૩/૨૦૨૧ (આઈ.ડી.નં. ૨૫૪૦)થી મહાનગરપાલિકાના જેટલા પણ ગાર્ડન છે તેમાં કાર્યરત અમુલ (સુમુલ) પાર્લરોમાં આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ ૦૧<br>તા.૦૪/૦૬/૨૦૨૧ |
| ૦૨<br>તા.૧૭/૦૫/૨૦૨૧ | અરજદારશ્રી વિજયભાઈ એમ. ગોધાણીની તા.૩૧/૦૩/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૫૬૪)ની નમુનો–કની અરજીથી સરકારશ્રીના પત્રક ૧ અને ૨ તારીખ ૦૩/૦૧/૨૦ની ભરતી જે વર્ષ ૨૦૧૯/૨૦૨૦માં મંજુર થયેલ છે. પત્રક : ૨માં અનુક્રમણીકા નં.૩ સુરત કોર્પોરેશનમાં ફાળવેલ કુલ : ૧૦૬૨ જગ્યાઓ પૈકી કેટલી ભરતી થઈ છે. જો | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ ૦૨<br>તા.૧૧/૦૬/૨૦૨૧ |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/01/2021,Dt.01/05/2021**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :–શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા

**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૩/૦૪/૨૦૨૧ના રોજ કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૬૭, તા.૨૩/૦૪/૨૦૨૧ થી અપીલ અધિકારી, ફુડ વિભાગને તબદીલ કરેલ, જે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા તા.૨૮/૦૪/૨૦૨૧ થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી તરફથી " અધુરી માહિતી આપવામાં આવેલ હોવાનું " કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલછે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૬/૦૩/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી, સાઉથ ઈસ્ટ (લિંબાયત)ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૨૫૪૦, તા.૩૦/૦૩/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. જે તા.૨૬/૦૩/૨૦૨૧ (આઈ.ડી.નં. ૨૫૪૦) નમુના "ક" ની અરજીથી મહાનગરપાલિકાના જેટલા પણ ગાર્ડન છે તેમાં કાર્યરત અમુલ (સુમુલ) પાર્લરોમાં આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ ફુડના લાયસન્સની વિગતવાર માહિતી માંગેલ હોવાનું જણાય છે. જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્રનં.પીએચડી/ફુડ/૩૨૮, તા.૧૫/૦૪/૨૦૨૧ થી અરજદારશ્રીને " અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગાર્ડનોમાં આવેલ અમુલ(સુમુલ) પાર્લરોને આપવામાં આવેલ ફુડ લાયસન્સોની માહિતી આ સાથે સામેલ છે " તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે " સુરત મહાનગરપાલિકામાં ફકત પાંચ ગાર્ડનમાં જ અમુલ સુમુલના પાર્લરમાં લાયસન્સ આપવામાં આવ્યા છે જે માહિતી અધુરી છે તેમજ સુરત મહાનગરપાલિકામાં ઘણા ગાર્ડન આવેલા છે. તેમાં ફકત પાંચ જ લાયસન્સ આપવામાં આવ્યા છે " તેમ જણાવી તા.૨૩/૦૪/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૬/૦૩/૨૦૨૧ (આઈ.ડી.નં.૨૫૪૦)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી **રેકર્ડ આધારીત માહિતી** પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજી પરત્વે માહિતી પુરી પાડેલ હોવાનું જણાતું હોય, જે મુજબ સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. / /૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/02/2021. Dt.17/05/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર :–** શ્રી વિજયભાઈ એમ. ગોધાણી

**સામાવાળા :–** જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧), જી.યુ.એચ.પી. વિભાગ, સુરત મહાનગરપાલિકા

અરજદારશ્રી મજકુર ધ્વારા તા.૧૦/૦૫/૨૦૨૧ ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૮૩, તા.૧૦/૦૫/૨૦૨૧ થી અપીલ અધિકારી, મેડીકલ ઓફિસર, આરોગ્ય વિભાગને તબદીલ કરેલ હતી, જે આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી, જે અત્રે તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની સદર પ્રથમ અપીલ અરજીથી નકલ ફી ભર્યેથી આજદિન સુધી એટલે કે તા.૦૬/૦૪/૨૦૨૧ સુધી કોઈપણ પ્રકારની માહિતી મળેલ નથી તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

ઉકત વિગતેની અરજદારશ્રીની જાહેર માહિતી અધિકારી,રિક્રુટમેન્ટ વિભાગને ઉદ્દેશીને કરેલ તા.૩૧/૦૩/૨૦૨૧ (આઈ.ડી. નં.૨૫૬૪) ની નમુનો–ક ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી., નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર નં. સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./૨૫૬૪, તા.૩૧/૦૩/૨૦૨૧થી અન્ય વિભાગ સહિત જાહેર માહિતી અધિકારી, જી.યુ.એચ.પી. વિભાગને તબદીલ કરેલ હતી. અરજદારશ્રીની ઉકત આર.ટી.આઈ.ની અરજી સાથે જાડેલા સરકારશ્રીના પત્રક ૧ અને ૨ તારીખ ૦૩/૦૧/૨૦ની ભરતી જે વર્ષ ૨૦૧૯/૨૦૨૦માં મંજુર થયેલ છે. પત્રક : ૨માં અનુક્રમણીકા નં.૩ સુરત કોર્પોરેશનમાં ફાળવેલ કુલ : ૧૦૬૨ જગ્યાઓ પૈકી કેટલી ભરતી થઈ છે. જો થઈ છે તો કઈ પ્રક્રિયાથી થઈ તે જણાવવા વિનંતી.(Order Copy) આપવા વિનંતી.જો ભરતી થયેલ હોય તો દરેક Selected Candidates ની પુરેપુરી Detail આપવી. જેવી કે,૧.પોસ્ટ, ૨.ડેટ ઓફ જોઈનીંગ, ૩.નામ, ૪.કેટેગરી, ૫.જો મેરીટ લીસ્ટ હોય તો તેની કોપી માહિતીની માંગણી કરેલ હતી. સદર અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), જી.યુ.એચ.પી. વિભાગ ધ્વારા પત્ર નં.જી.યુ.એચ.પી.(સુરત)/આરટીઆઈ/આઉટ/૨૦, તા.૨૦/૦૪/૨૦૨૧ થી અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી અંતર્ગત " અત્રેના વિભાગને લાગત ઉપલબ્ધ રેકર્ડની અંશતઃ માહિતીની નકલ જો આપ મેળવવા ઈચ્છુક હોય તો ફાર્માસીસ્ટની થયેલ ભરતી સંદર્ભે પસંદગી યાદી, મેરીટલીસ્ટ, પ્રતિક્ષાયાદી વિગેરે આનુસાંગિક દસ્તાવેજો તેમજ ભરતી અંગેની જાહેરાતોની નકલોના કુલ પાના નંગ–૩૫ પ્રતિ નકલ દીઠ રૂ.૨/–લેખે દસ્તાવેજી ચાર્જ રૂ.૭૦/–(અંકે રૂપિયા સિત્તેર પૂરા) સુરત મહાનગરપાલિકામાં જમાં કરાવ્યેથી તેની નકલ આપને પુરી પાડવામાં આવશે. વધુમાં માંગવામાં આવેલ માહિતી પૈકીની તબીબી અધિકારી વર્ગ–૨, લેબોરેટરી ટેકનીશીયન, મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર, ફીમેલ હેલ્થ વર્કર અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની જાહેરાત આપ્યા પછીની પ્રક્રિયા હાલમાં પેન્ડીગ છે" તે મુજબનો પ્રત્યુત્તર સાથે નકલ ફી ભરી માહિતી મેળવી લેવાનો પ્રસ્તાવ સમયમર્યાદામાં આપેલ હતો.

ઉકત વિગતે અરજદારશ્રીને આપેલ પ્રસ્તાવ અન્વયે તેઓ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં. ૩૦૦/૦૩, તા.૨૬/૦૪/૨૦૨૧ના રોજ નકલ ફી લેખે રૂ.૭૦/– ભરપાઈ કરેલ હોવાનું જણાય છે જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, જી.યુ.એચ.પી., સુરત ધ્વારા પત્ર નં.જી.યુ.એચ.પી.(સુરત)/આરટીઆઈ/ આઉટ/ ૩૨, તા.૦૭/૦૫/૨૦૨૧ થી કુલ–૩૫ નકલ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ અરજદારશ્રી ધ્વારા તા.૦૬/૦૪/૨૦૨૧ના રોજ અપીલ અરજીથી આજદિન સુધી કોઈપણ પ્રકારની માહિતી મળેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, જી.યુ.એચ.પી.,સુરત ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**::– હુકમ ::–**

આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી અન્વયે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, જી.યુ.એચ.પી.,સુરત ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજી પરત્વે માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતું હોય તથા સદર અપીલ અરજીમાં દર્શાવેલ નારાજગીનું કારણ નકલ ફી ભર્યેથી આજદિન સુધી એટલે કે તા.૦૬/૦૪/૨૦૨૧ સુધી કોઈપણ પ્રકારની માહિતી મળેલ નથી તેમ હોવાનું જણાવેલ હોય, પરંતુ  જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત વિગતેની માહિતીની કુલ–૩૫ નકલ તા.૦૭/૦૫/૨૦૨૧ ના રોજ ટપાલ રજી. પોસ્ટ એ.ડી. ધ્વારા અજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું હોય, જે હકીકત ધ્યાને લેતા, અરજદારશ્રીની સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.      /૦૬/૨૦૨૧

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# જુલાઈ–૨૦૨૧ થી સપ્ટેમ્બર–૨૦૨૧

| અપીલ નં./વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અને તારીખ |
|---|---|---|
| ૦૩<br>તા.૦૧/૦૭/૨૦૨૧ | અરજદારશ્રી કલ્પેશ ગોહિલ ધ્વારા તા.૨૫/૦૩/૨૦૨૧ (આઈ.ડી.નં.૨૫૨૯)ની અરજીથી " સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન અંતર્ગત આવેલ ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ, જી–ટાવર, સંખેશ્વર કોમ્પ્લેક્સ, મજુરા ગેટ ધ્વારા કોરોના વેક્સિનેશન માટે મહાનગરપાલિકાને આપવામાં આવેલ તમામ કર્મચારીઓની યાદી (વેક્સીન બેનીફિશિયરી લિસ્ટ)ની પ્રમાણિત નકલ વિગેરે માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦<br>તા.૦૬/૦૮/૨૦૨૧ |
| ૦૪<br>તા.૦૩/૦૭/૨૦૨૧ | અરજદારશ્રી ક્રિષ્ણકાન્ત એમ. ચૌહાણ ધ્વારા તા.૩૦/૦૪/૨૦૨૧(આઈ.ડી.નં.૨૨૫) અરજીથી (1) Zonewise number of Rapid Antigen Test done daily during the month of January, February, March and April 2021. (2) Zonewise number of RT-PCR test done daily during the month of January, February, March and April 2021 ની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૯<br>તા.૦૪/૦૮/૨૦૨૧ |
| ૦૫<br>તા.૧૯/૦૭/૨૦૨૧ | અરજદારશ્રી દિપક આર. પાટીલ ધ્વારા તા.૨૫/૦૫/૨૦૨૧(આઈ.ડી.નં.૧૧૯) અરજીથી (૧) સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા હોમીયોપેથીક(B.H.M.S.) ડોકટરોને પ્રેકટીસ કરવા પરવાનગી આપવામાં આવેલ તમામ ડોકટરોના નામ, સરનામા અને શૈક્ષણિક લાયકાત સાથેની તમામ પ્રમાણિત નકલો સહિત આપશોજી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૩<br>તા.૨૫/૦૮/૨૦૨૧ |
| ૦૬<br>તા.૦૭/૦૮/૨૦૨૧ | અરજદારશ્રી ભરત લલ્લુભાઈ પટેલ ધ્વારા તા.૦૩/૦૭/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૦)થી જાહેર માહિતી અધિકારી / આરોગ્ય અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના "ક" ની અરજીથી કુલ–૧૧ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૪<br>તા.૨૫/૦૮/૨૦૨૧ |
| ૦૭<br>તા.૧૦/૦૮/૨૦૨૧ | અરજદારશ્રી ભરત લલ્લુભાઈ પટેલ ધ્વારા તા.૦૫/૦૭/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૧)થી જાહેર માહિતી અધિકારી, ફુડ અધિકારીશ્રી, રંગ ઉપવનની પાસે, નાનપુરા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના "ક" ની અરજીથી " તા.૦૨/૦૭/૨૧ના રોજ જાહેર માહિતી અધિકારી હેઠળ અરજી આપેલી. જેથી ફુડ વિભાગમાં ફરજ બજાવતાં અધિકારીઓની તા.૦૨/૦૭/૨૦૨૧ થી તા.૦૫/૦૭/૨૦૨૧ સુધી તમામ અધિકારીની કોલ ડીટેલની માહિતી આપવા નમ્ર અરજ કરૂ. તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ આપશ્રીનાં કર્મચારીઓ દુધના નમુના લેવા આવેલ પરંતુ દુધમાં ક્રીમવાળું દુધ અલગથી મોકલેલ હોય જેથી મને શંકા છે. જેથી આપશ્રીની કોલ ડીટેલની માહિતી માંગેલ હતી | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૫<br>તા.૨૫/૦૮/૨૦૨૧ |
| ૦૮<br>તા.૧૧/૦૮/૨૦૨૧ | અરજદારશ્રી મુજાહિદ નફીસ ધ્વારા તા.૦૮/૦૭/૨૦૨૧(આઈ.ડી.નં.૮૩૯)થી જાહેર માહિતી અધિકારી / આરોગ્ય અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના "ક" ની અરજીથી કુલ–૧૧ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૬<br>તા.૩૧/૦૮/૨૦૨૧ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/03/2021, Dt.01/07/2021
આરોગ્ય વિભાગ

**અરજદાર** :– શ્રી કલ્પેશ ગોહિલ

**સામાવાળાઃ**– જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી,
ડી.કે.એમ.અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૧/૦૬/૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, અર્બન હેલ્થ સેન્ટર આરટીઆઈ એકટ તથા ડે.મ્યુનિ. કમી.(હે. અને હો.),સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૯૨, તા.૨૪/૦૬/૨૦૨૧ થી ડે.કમિ. (હે. અને હો.)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી તરફથી " જાહેર માહિતી અધિકારી તરફથી આર.ટી.આઈનો કોઈ ઉત્તર મળેલ નથી, જે આર.ટી.આઈ. કાયદાની કલમ ૭(૧)નું ઉલ્લંઘન છે " તે કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ નમુના 'ક' ની તા.૨૫/૦૩/૨૦૨૧ (આઈ.ડી.નં.૨૫૨૯) ની અરજીથી " સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન અંતર્ગત આવેલ ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ, જી–ટાવર, સંખેશ્વર કોમ્પ્લેક્સ, મજુરા ગેટ ધ્વારા કોરોના વેકિસનેશન માટે મહાનગરપાલિકાને આપવામાં આવેલ તમામ કર્મચારીઓની યાદી (વેકસીન બેનીફિશિયરી લિસ્ટ) ની પ્રમાણિત નકલ, આ યાદીમાં પ્રત્યેક કર્મચારીએ વેકસીન લીધેલ છે અથવા વેકસીન લીધેલ નથી એ માહિતી સામેલ કરવામાં આવે " તે મુજબની માહિતી માંગેલ હોવાનું જણાય છે, જે એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૫૨૯, તા.૨૬/૦૩/૨૧ થી ડે.એમ.ઓ.એચ. અને જાહેર માહિતી અધિકારી, વેકશીનેશન બ્રાંચને તબદીલ કરવામાં આવેલ, જે અરજી તેઓના વિભાગને લાગત ન જણાતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/૪૭, તા.૧૪/૦૪/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી, સેન્ટ્રલ ઝોનને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ, જે અરજી મુખ્ય આરોગ્ય નિરીક્ષક અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં. સી.ઝેડ./ના.આ.અધિ./આઉટ/૧૦, તા.૨૭/૦૪/૨૧ના રોજ રેસી.મેડીકલ ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારી, ડી.કે.એમ. હેલ્થ સેન્ટરને અરજી સંપુર્ણ તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી અન્વયેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ અપીલ/આઉટ/૦૩, તા.૦૩/૦૭/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, ડી.કે.એમ. અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને રેસી. મેડીકલ ઓફિસરશ્રી, ડી.કે.એમ.અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમ ધ્વારા પત્ર નં.ડી.કે.એમ.મેટ.હોમ/ આઉટવર્ડ/૨૩૬, તા.૦૮/૦૭/૨૧ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા સેન્ટ્રલ ઝોન અંતર્ગત ગીરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ, જી–ટાવર, સંખેશ્વર કોમ્પ્લેક્ષ, મજુરાગેટમાં કોરોના વેકશીનેશનની કોઈપણ પ્રકારની કામગીરી આજદિન સુધી કરવામાં આવેલ નથી, તે મુજબની પુર્તતા રીપોર્ટ મોકલવામાં આવેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, ડી.કે.એમ.અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમની પુર્તતા રીપોર્ટ વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૫/૦૩/૨૦૨૧(આઈ.ડી.નં.૨૫૨૯)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, ડી.કે.એમ.અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર અવલોકનમાં લેતા અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી પરત્વે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી જો રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર જો આપવા પાત્ર થતી હોય તો તે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ—૭(૬)અંતર્ગત વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન—૦૫ માં અરજદારશ્રીને વિનામુલ્યે માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી, ડી.કે.એમ.અર્બન હેલ્થ સેન્ટર અને મેટ. હોમને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં યોગ્ય તે નિર્ણય લેવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.     /૦૮/૨૦૨૧

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/04/2021, Dt.03/07/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :– શ્રી ક્રિષ્ણકાન્ત એમ. ચૌહાણ

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી,
વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૭/૦૬/૨૦૨૧ના રોજ એપેલેટ અધિકારી અને ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ(ઉધના)ઝોનના પત્ર નં.સા.ઝોન/આ./ ૫૬૦, તા.૨૨/૦૬/૨૦૨૧ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૩/૦૭/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી તરફથી " માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસિનેશન બ્રાન્ચ ધ્વારા અરજી મુજબ માંગેલ માહિતીનો જવાબ અધુરો અને અપૂર્ણ આપવામાં આવેલ છે " તે કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૩૦/૦૪/૨૦૨૧ થી The Public Information Officer, Office of Surat MUnicipal Commissioner, Mugalisara, Surat ને ઉદ્દેશીને કરેલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી/સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૨૨૫, તા.૩૦/૦૪/૨૦૨૧ થી ડે.એમ.ઓ.એચ. અને જાહેર માહિતી અધિકારી, વેકશીનેશન બ્રાંચને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની ઉકત નમુના 'ક' ની તા.૩૦/૦૪/૨૦૨૧ (આઈ.ડી.નં.૨૨૫) અરજીથી (1) Zonewise number of Rapid Antigen Test done daily during the month of January, February, March and April 2021. (2) Zonewise number of RT-PCR test done daily during the month of January, February, March and April 2021 ની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અરજીના અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૦૪, તા.૦૫/૦૭/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસિનેશન બ્રાન્ચ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા મુદ્દા નં.૧ અન્વયે " સુરત મહાનગરપાલિકાનાં શહેરી આરોગ્ય કેન્દ્રો, ધન્વતરી રથ વિગેરે મારફતે કોવીડ રેપીડ એન્ટીજન ટેસ્ટીંગ કરવામાં આવે છે. જેની જાન્યુઆરી થી એપ્રિલ–૨૧ દરમ્યાન કરવામાં આવેલા રેપીડ એન્ટીજન ટેસ્ટની સંખ્યા રેકર્ડ મુજબ જાન્યુ.–૨,૭૫,૫૪૮ ફેબ્રુ.–૧,૯૪,૪૬૩ માર્ચ–૪,૭૨,૮૦૩ એપ્રિલ–૫,૫૨,૭૨૬" જયારે મુદ્દા નં.૨ માટે "આર.ટી.પી.સી. આર. ટેસ્ટ સુરતની ૭ ખાનગી લેબોરેટરી તેમજ નવી સિવીલ અને સ્મીમેર હોસ્પિટલ ખાતે કરવામાં આવે છે, જેની તમામ માહિતી લેબોરેટરી ખાતેથી ભારત સરકારની ગાઈડલાઈન મુજબ પોર્ટલ પર અપડેટ તેઓ ધ્વારા જ કરવામાં આવે છે" તે મુજબનો પ્રત્યુત્તર પત્ર નં.પીએચડી/વીએસસી/ ૧૯૬, તા.૨૫/૦૫/૨૦૨૧ થી અરજદારશ્રીને સમયમર્યાદામાં પાઠવેલ હોવાનું જણાય છે. સદર આપવામાં આવેલ પ્રત્યુત્તર અન્વયે "માંગેલ માહિતીનો જવાબ અધુરો અને અપુર્ણ આપવામાં આવેલ હોવાનું જણાવી" અરજદારશ્રીએ તા.૧૭/૦૬/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં. ૦૧થી ઝોન પ્રમાણે રેપીડ એન્ટીજન ટેસ્ટની સંખ્યા માંગેલ, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા જાન્યુઆરી થી એપ્રિલ–૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલા રેપીડ એન્ટીજન ટેસ્ટની ફકત સંખ્યા આપેલ હોવાનું જણાય છે, પરંતુ ઝોન વાઈઝ ટેસ્ટની સંખ્યા આપેલ હોવાનું જણાતું નથી, જયારે મુદ્દા નં.૦૨ થી જાન્યુઆરી થી એપ્રિલ–૨૧ દરમ્યાન કરવામાં આવેલ આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યાની માહિતી માંગેલ, જે

અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા ઝોન વાઈઝ આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યા આપેલ હોવાનું કે સંબંધિત વિભાગને આર.ટી.આઈ.ની અરજી તબદીલ કરેલ હોવાનું જણાતું નથી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન બ્રાંચ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૩૦/૦૪/૨૦૨૧(આઈ.ડી.નં.૨૨૫)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. અરજદારશ્રીની આર.ટી.આઈ.ની અરજીના મુદ્દા નં. ૦૧થી ઝોન પ્રમાણે જાન્યુઆરી થી એપ્રિલ—૨૧ રેપીડ એન્ટીજન ટેસ્ટની સંખ્યા અને મુદ્દા નં.૦૨ પરત્વે આર.ટી.પી.સી.આર.ટેસ્ટની સંખ્યાની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ હોય અને નિયમાનુંસાર આપવા પાત્ર હોય તો તે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ—૭(૬)અંતર્ગત વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન—૦૫ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા અન્યથા આર.ટી.આઈ. એકટનો હાર્દ હેતુ ધ્યાને લઈ સંબંધિત જાહેર સત્તામંડળને અરજદારશ્રીની ઉકત વિગતે માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ હેઠળની માહિતી માંગતી અરજી દિન—૦૫ માં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૭/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/06/2021, Dt./07/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર :–** શ્રી દિપક આર. પાટીલ

**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી,
વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./એફ.એ.પી./૧૬, તા.૦૭/૦૭/૨૦૨૧ થી અન્ય અપીલ અધિકારીશ્રી સહિત અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ " જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી ન આપેલ હોય " તે કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૫/૦૫/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં. સી./આર.ટી.આઈ./૧૧૯, તા.૨૫/૦૫/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન તેમજ એસ.ઓ.શ્રી, PTRC વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના વિભાગને લાગત ન જણાતાં ડે.એમ.ઓ. અને જાહેર માહિતી અધિકારી, વેકસીનેશન બ્રાંચ તેમજ સી.ડી.એચ.ઓ. અને જાહેર માહિતી અધિકારી, જિલ્લા પંચાયતને પત્ર નં. સી.ઝેડ/ના.આ.અધિ./આઉટ/૩૧, તા.૩૧/૦૫/૨૦૨૧ના રોજ સંપુર્ણ તબદીલ કરેલ હતી. અરજદારશ્રીની ઉકત નમુના 'ક' ની તા.૨૫/૦૫/૨૦૨૧(આઈ.ડી.નં.૧૧૯) અરજીથી (૧) સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા હોમીયોપેથીક(B.H.M.S.) ડોકટરોને પ્રેકટીસ કરવા પરવાનગી આપવામાં આવેલ તમામ ડોકટરોના નામ, સરનામા અને શૈક્ષણિક લાયકાત સાથેની તમામ પ્રમાણિત નકલો સહિત આપશોજી. (૨) સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા ઈલેકટ્રોપેથીક (B.H.M.S.) ડોકટરોને પ્રેકટીસ કરવા પરવાનગી આપવામાં આવેલ તમામ ડોકટરોના નામ, સરનામા અને શૈક્ષણિક લાયકાત સાથેની તમામ પ્રમાણિત નકલો સહિત આપશોજી.(૩) ઉકત મુદ્દા નં.૧ અને ૨માં દર્શાવેલ ડોકટરોને પ્રેકટીસ માટે કયાં આધાર પર પરવાનગી આપવામાં આવેલ છે તેની પ્રમાણિત નકલો સહિતની માહિતી આપશોજી. (૪) હોમીયોપેથીક (B.H.M.S.) અને ઈલેકટ્રોપેથીક (B.H.M.S.) ડોકટરો પોતાના પ્રેકટીસ દરમ્યાન દર્દીને કઈ–કઈ પ્રકારની સેવા આપી શકે તેની વિગતવાર માહિતી આપશોજી.(૫) ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ માં દર્શાવેલ ડોકટરો ધ્વારા ગત ૧ વર્ષ દરમ્યાન પ્રેકટીસ સમયે જો કોઈ મૃત્યુની ફરિયાદ આપણી કચેરીએ મળેલ હોય તો તેની પ્રમાણિત નકલો સહિતની માહિતી આપશોજી. (૬) ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩માં દર્શાવેલ ડોકટરોમાંથી ગત ૧ વર્ષ દરમ્યાન કોઈ ડોકટરની પરવાનગી રદ કરવામાં આવેલ હોય તો તેની પ્રમાણિત નકલો સહિતની માહિતી આપશોજી. (૭) ઉપરોકત તમામ ડોકટરો ધ્વારા સમયસર વ્યવસાય વેરો ભરવામાં આવે છે કે કેમ તેની પ્રમાણિત નકલો સહિતની માહિતી આપશોજી. આમ કુલ–૦૭ મુદ્દાઓની માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી અન્વયેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૦૫, તા.૨૦/૦૭/૨૦૨૧ થી જાહેર માહિતી

અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન બ્રાંચ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન બ્રાંચ ધ્વારા "નીલ" પ્રત્યુત્તર પત્ર નં.પીએચડી/વીએસસી/૨૫૩, તા.૦૯/૦૬/૨૦૨૧ થી અરજદારશ્રીને સમયમર્યાદામાં પાઠવેલ હોવાનું જણાય છે. સદર આપવામાં આવેલ પ્રત્યુત્તર અન્વયે " જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી ન આપવામાં આવેલ હોવાનું જણાવી" અરજદારશ્રીએ તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે.

ઉકત વિગતે અરજદારની આર.ટી.આઈ.ની નમુના "ક" ની અરજી સી.ડી.એચ.ઓ. અને જાહેર માહિતી અધિકારી,જીલ્લા પંચાયતને તબદીલ કરવામાં આવેલ હોય, અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૦૮, તા.૩૦/૦૭/૨૦૨૧ થી અપીલ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિલ્લા પંચાયતની કચેરી, દરીયા મહેલ,સુરત પ્રતિ અપીલ અરજી અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન બ્રાંચ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૫/૦૫/૨૦૨૧(આઈ.ડી.નં.૧૧૯) ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી,વેકસીનેશન બ્રાંચ ધ્વારા અરજદારશ્રીને તેઓના વિભાગની "નીલ" માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે અત્રેના વિભાગ ધ્વારા અપીલ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિલ્લા પંચાયતની કચેરી, દરીયા મહેલ,સુરતને પ્રતિ ઉકત વિગતે અરજદારશ્રીની જાણ હેઠળ અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ હોય, સદર અપીલ અરજી અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે મુજબ અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૮/૨૦૨૧

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/10/2021,Dt.07/08/2021
આરોગ્ય વિભાગ

**અરજદાર** :– શ્રી ભરત લલ્લુભાઈ પટેલ

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૫/૦૮/૨૦૨૧ના રોજ અપીલ અધિકારીશ્રી, ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), ડેઝીગ્નેટેડ ઓફિસર,રંગઉપવનની બાજુમાં, નાનપુરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી ચીફ ફુડ સેફ્ટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ના પત્ર નં.પીએચડી/ફુડ/૧૭૪૨, તા.૦૭/૦૮/૨૦૨૧થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી તરફથી " જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગેલ માહિતીની વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવા છતાં આપેલ નથી " તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૩/૦૭/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૦)થી જાહેર માહિતી અધિકારી, ફુડ અધિકારીશ્રીને ઉદ્દેશીને કરેલ નમુના "ક" ની અરજીથી આપશ્રીની કચેરીમાં ફુડ વિભાગમાં દુધનાં સેમ્પલમાં કામ કરતાં અધિકારીનું નામ અને પગાર સ્લીપની નકલ તથા નોકરી ઉપર હાજર થયેલ તે સમયની મિલકતની વિગત અને હાલની મિલકતની વિગત આપવા બાબત સને ૨૦૧૯ થી ૨૦૨૧ સુધીની  માહિતી માંગેલ હતી. જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં. પીએચડી/ફુડ/૧૫૧૨, તા.૨૭/૦૭/૨૦૨૧ થી અરજદારશ્રીને " અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ આપશ્રીની લેખિત ફરીયાદનાં અનુસંધાનમાં અત્રેનાં ફુડ સેફટી ઓફિસર શ્રી ડી.ડી.ઠાકોર (કર્મચારી નં.૧૯૬૯૪) ધ્વારા કાર્યવાહી કરવામાં આવેલ. સદર કર્મચારીની માહિતી આપ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPALCORPORATION.GOV.IN → INFORMATION → EMPLOYEE DETAIL → EMPLOYEE NUMBER  પરથી મેળવી શકો છો. વધુમાં અન્ય માંગેલ માહિતી ત્રાહિતને તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવી હોય આર.ટી.આઈ. એકટની કલમ–૮(ચ)માં જણાવ્યા પ્રમાણે આવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તથા આ કાયદાની કલમ ૮–૧(ઠ)થી વ્યકિતનાં અંગત જીવનમાં બીનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી. તેમજ આ તમામ બાબત આ કાયદાની કલમ–૧૧(૧) મુજબ ત્રાહિત પક્ષકારે તેને ખાનગી ગણી છે " તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે " તા.૦૨/૦૭/૨૦૨૧ના રોજ જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ માહિતીની નકલો આપી નથી અને અમો જાહેર માહિતી હેઠળ માંગણી કરનાર કોઈ ત્રાહિત વ્યકિત નથી હમો ચોર્યાસી ડેરીમાં સભાસદ તરીકે ચાલી આવેલ છે. જેથી આપ સાહેબના અધિકારીઓના મેળાપીણામાં ચોર્યાસી ડેરીના કર્મચારી જનક પટેલ ધ્વારા જાહેર રસ્તા ઉપર દુધમાં ભેળ–સેળ કરતા હોવા છતાં કોઈ કાર્યવાહી કરેલ નથી અને જે દિવસે ડી.ડી.ઠાકોર સેમ્પલ લેવા આવેલ જેની જાણ અગાઉથી કરી દીધેલ હોવાથી કોલ ડીટેલ માંગેલ હતી જે આપેલ નથી " તેમ જણાવી તા.૦૫/૦૮/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

અરજદારશ્રીની તા.૦૩/૦૭/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૦)થી માંગવામા આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજથી પાઠવવામાં આવેલ પત્રથી ફુડ સેમ્પલ લેનાર ફુડ સેફટી ઓફિસરનાં નામ, કર્મચારી નંબરની માહિતી આપેલ તેમજ કર્મચારી નંબરને આધારે સદર કર્મચારીએ મેળવેલ સેલેરી(પગાર) અંગેની વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPALCORPORATION.GOV.IN → INFORMATION → EMPLOYEE DETAIL → EMPLOYEE NUMBER પરથી મેળવી લેવા જણાવેલ છે, જયારે અન્ય માંગેલ માહિતી બાબતે, માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી કઈ કલમ નીચે આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.     /૦૮/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/12/2021,Dt.10/08/2021
આરોગ્ય વિભાગ

**અરજદાર** :– શ્રી ભરત લલ્લુભાઈ પટેલ

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ અપીલ અધિકારીશ્રી, ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), ડેઝીગ્નેટેડ ઓફિસર, રંગઉપવનની બાજુમાં, નાનપુરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી ચીફ ફુડ સેફટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ ના પત્ર નં.પીએચડી/ફુડ/૧૭૮૨, તા.૦૯/૦૮/૨૦૨૧ થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી તરફથી " તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ કોલ ડીટેલની વિગત માંગેલ જે આપેલ નથી " તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૫/૦૭/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૧)થી જાહેર માહિતી અધિકારી, ફુડ અધિકારીશ્રી, રંગ ઉપવનની પાસે, નાનપુરા, સુરતને ઉદ્દેશીને કરેલ નમુના "ક" ની અરજીથી " તા.૦૨/૦૭/૨૦૨૧ના રોજ જાહેર માહિતી અધિકારી હેઠળ અરજી આપેલી. જેથી ફુડ વિભાગમાં ફરજ બજાવતાં અધિકારીઓની તા.૦૨/૦૭/૨૦૨૧ થી તા.૦૫/૦૭/૨૦૨૧ સુધી તમામ અધિકારીની કોલ ડીટેલની માહિતી આપવા નમ્ર અરજ કરૂ. તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ આપશ્રીનાં કર્મચારીઓ દુધના નમુના લેવા આવેલ પરંતુ દુધમાં ક્રીમવાળું દુધ અલગથી મોકલેલ હોય જેથી મને શંકા છે. જેથી આપશ્રીની કોલ ડીટેલની માહિતી માંગેલ હતી. જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્રનં.પીએચડી/ફુડ/૧૫૧૦, તા.૨૭/૦૭/૨૦૨૧ થી " આપે માંગેલ માહિતી ત્રાહિતને તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવી હોય આર.ટી.આઈ. એકટની કલમ–૮(ચ)માં જણાવ્યા પ્રમાણે આવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તથા આ કાયદાની કલમ ૮–૧(ઠ)થી વ્યકિતનાં અંગત જીવનમાં બીનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી. તેમજ આ તમામ બાબત આ કાયદાની કલમ–૧૧(૧) મુજબ ત્રાહિત પક્ષકારે તેને ખાનગી ગણી છે " તે મુજબનો અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે " તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ જાહેર માહિતી અધિકારી હેઠળ કરેલ અરજીની માહિતી આપેલ નથી અને ખોટો જવાબ આપેલ હોવાથી" તેમ જણાવી તા.૦૫/૦૮/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૦૫/૦૭/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૧)થી માંગવામા આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને માંગેલ માહિતી બાબતે, માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી કઈ કલમ નીચે આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય,અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.      /૦૮/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/13/2021, Dt.11/08/2021
આરોગ્ય વિભાગ

**અરજદાર** :– શ્રી મુજાહિદ નફીસ
**સામાવાળાઃ**– જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૩૦/૦૭/૨૦૨૧ના રોજ અપીલ અધિકારીશ્રી / ડેપ્યુટી એમ.ઓ.એચ.શ્રી, વેસ્ટ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, વેસ્ટ ઝોનના પત્ર નં. આર.ટી.આઈ.સેલ/વેસ્ટ ઝોન/૧૦૬૭, તા.૦૩/૦૮/૨૦૨૧ થી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૧૧/૦૮/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી ધ્વારા " જાહેર માહિતી અધિકારીશ્રીએ કોઈ માહિતી આપેલ નથી " તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

ઉકત વિગતે અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૮/૦૭/૨૦૨૧(આઈ.ડી.નં.૮૩૯)થી જાહેર માહિતી અધિકારી / આરોગ્ય અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના "ક" ની અરજીથી કુલ–૧૧ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે પરત્વે અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.ની અરજી ફી પેટે રૂા.૨૦/– ભરેલ ન હોય, જેથી પત્ર નં.પીએચડી/એમઆર/ આઉટ/૧૯૧, તા.૦૧/૦૭/૨૦૨૧ થી અરજી ફી ભરવા જણાવેલ, જે પરત્વે અરજદારશ્રીએ પોસ્ટલ ઓર્ડરથી અરજી ફી ભરેલ હતી. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ, સુરત મહાનગરપાલિકા ધ્વારા પત્રનં.પીએચડી/ એમઆર/૨૭૯, તા.૦૩/૦૮/ ૨૦૨૧ થી નમુના–ક ની અરજી પરત્વે માહિતી મેળવવા રૂા.૦૮/– ભરવા અંગેનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે, જેમાં મુદ્દા નં.(એ) થી " સ્મશાનગૃહ અને કબ્રસ્તાન માટેની જગ્યા ફાળવવાની કાર્યવાહી કલેકટરશ્રી કરવામાં આવતી હોય માહિતી અત્રે ઉપલબ્ધ નથી." તેમજ મુદ્દા નં.(બી) થી સ્મશાનગૃહ અને કબ્રસ્તાનના ટી.પી.સ્કીમ અંગેની માહિતી અત્રેથી ટાઉન પ્લાનીંગ વિભાગ સાથે પત્ર વ્યવહાર કરી માંગવામાં આવેલ છે જે માહિતી મળ્યેથી આપને મોકલવામાં આવશે જેની જાણ કરવામાં આવેલ છે" જે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે. જે અન્વયે અરજદારશ્રીએ સદર પ્રસ્તાવનો સ્વીકાર કરી માહિતી મેળવવા સારૂ રૂા.૧૦/– પોસ્ટલ ઓર્ડરથી ભરેલ હોવાનું જણાય છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ વિભાગ, સુરત મહાનગરપાલિકા ધ્વારા પત્ર નં.પીએચડી/એમ.આર/આઉટ/૩૧૩, તા.૧૭/૦૮/૨૦૨૧ થી સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાના દફતરે નોંધાયેલ કબ્રસ્તાન અને સ્મશાનભૂમિની કુલ–૦૪ પાનામાં માહિતીની નકલ પુરી પાડેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી અનવ્યે " જાહેર માહિતી અધિકારીશ્રીએ કોઈ માહિતી આપેલ નથી " તેમ જણાવી તા.૩૦/૦૭/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ વિભાગ તરફથી પુરી પાડેલ માહિતી વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૮/૦૭/૨૦૨૧(આઈ.ડી.નં.૮૩૯)થી માંગવામા આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ વિભાગ ધ્વારા તેઓના વિભાગને લાગત માહિતી પરત્વે અરજદારશ્રીને પ્રસ્તાવ આપી, માહિતીની નકલો અરજદારશ્રીને પુરી પાડેલ છે, પરંતુ અરજદારશ્રીની અરજીની અન્ય માહિતી માટે જે જાહેર સત્તામંડળ ધ્વારા સદર કાર્યવાહી કરવામાં આવતી હોય તેની વિષયવસ્તુ જે જાહેર સત્તામંડળના કાર્યો સાથે વધુ

નિકટતાથી સંકળાયેલ હોય, તે જાહેર સત્તામંડળને અરજી તબદીલ થયેલ હોવાનું જણાતુ નથી. આથી સંબંધિત જાહેર સત્તામંડળને અરજદારશ્રીની ઉકત વિગતે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની માહિતી માંગતી અરજી દિન–૫ માં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા આથી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ વિભાગને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. ભવિષ્યમાં આર.ટી.આઈ. એકટ હેઠળ મળતી અરજી સંબંધે તબદીલી સહિત કરવા જોગ કામગીરી સમયમર્યાદામાં કરવા આથી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ વિભાગને તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. / /૨૦૨૧

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# ઓકટોબર–૨૦૨૧ થી ડિસેમ્બર–૨૦૨૧

| અપીલ નં./વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અનેતારીખ |
|---|---|---|
| ૦૯<br>તા.૧૮/૧૦/૨૦૨૧ | અરજદારશ્રીમુકેશભાઈ બી. પટેલધ્વારાતા.૧૯/૦૫/૨૦૨૧(આઈ.ડી.નં.૩૮૦) નમુના "ક" ની અરજીથી ગોકુલ રસ, પંડોળ, વેડ રોડ પરના સરનામે આવેલ છે (૧) સદરહું ઉપરોકત સરનામાવાળી (ગોકુલ રસ) દુકાનમાંથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ રસના સેમ્પલ લીધા હોય તો તેની સંપુર્ણ માહિતી પુરાવા સાથેની માહિતી.(૨) સદરહું ગોકુલ રસની ચાલી રહેલ દુકાનમાંના વિવિધ રસની સેમ્પલ લઈને તેનો ચકાસણી રીપોર્ટ આપવા વિગેરે કુલ–૦૯ મુદૃાઓનીમાહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૬<br>તા.૨૩/૧૧/૨૦૨૧ |
| ૧૦<br>તા.૧૨/૧૧/૨૦૨૧ | દારશ્રી જીગીષ સોસા ધ્વારા તા.૨૦/૦૯/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૬૯૩)ની અરજીથી (૧) વરાછા ઝોન–બીવિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એ વિસ્તારમાં આરોગ્ય ફુડ વિભાગધ્વારાઅન–અધિકૃત પેકેઝડ–ડ્રીન્કીંગ વોટર પ્લાન્ટમાં આપેલ નોટીસોની નકલ આપશો.(૨) વરાછા ઝોન–બીધ્વારાતા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એના વિસ્તારમાં પેકેઝડ–ડ્રીન્કીગવોટર પ્લાન્ટનાFSSAIલાયસન્સ તપાસ કરનાર અધિકારીઓધ્વારા જે તે સમયે ચકાસણી કરવામાં આવેલ હોય, તેની નકલો વિગેરે માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૬<br>તા.૦૮/૧૨/૨૦૨૧ |
| ૧૧<br>તા.૧૨/૧૧/૨૦૨૧ | દારશ્રી જીગીષ સોસા ધ્વારા તા.૨૦/૦૯/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૬૯૨)ની અરજીથી (૧) વરાછા ઝોન–એ વિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એ વિસ્તારમાં આરોગ્ય ફુડ વિભાગધ્વારાઅન–અધિકૃત પેકેઝડ–ડ્રીન્કીંગ વોટર પ્લાન્ટમાં આપેલ નોટીસોની નકલ આપશો. (૨) વરાછા ઝોન–એ ધ્વારાતા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એના વિસ્તારમાં પેકેઝડ–ડ્રીન્કીંગ વોટર પ્લાન્ટનાFSSAIલાયસન્સ તપાસ કરનાર અધિકારીઓધ્વારા જે તે સમયે ચકાસણી કરવામાં આવેલ હોયતેની નકલો વિગેરે માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૭<br>તા.૦૮/૧૨/૨૦૨૧ |
| ૧૨<br>તા.૧૬/૧૧/૨૦૨૧ | દારશ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાધ્વારા પાલિકાએ ૨૮ કરોડ રૃપિયા કઈ કઈ હોસ્પિટલને ચુકવ્યા તેની માહિતી આપવી, હોસ્પિટલના નામ, સરનામા સાથે માહિતી આપવી. આ અરજી સાથે પેપર કટીગને મળેલી ફરિયાદમાં ખોટી રીતે બીલ વસુલનારી હોસ્પિટલ કઈ કઈ છે તેની માહિતી આપવી તેમજ આ હોસ્પિટલ સામે શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૦<br>તા.૧૭/૧૨/૨૦૨૧ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/17/2021,Dt.22/10/2021

**આરોગ્યવિભાગ.**

**અરજદાર** :–શ્રી મુકેશભાઈ બી. પટેલ

**સામાવાળા**:–જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીધ્વારા તા.૦૭/૧૦/૨૦૨૧ના રોજ અપીલ અધિકારી, આસી. કમિશ્નરશ્રી (સેન્ટ્રલ ઝોન, નોર્થ ઝોન) તથા ડે. કમિશ્નરશ્રી(હે. અને હો.), સુરત મહાનગર સેવા સદન, સુરતને ઉદૃશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૪૩૧, તા.૦૭/૧૦/૨૦૨૧ થી અપીલ અધિકારી, આસી.મ્યુનિ. કમિશ્નરશ્રી, નોર્થ ઝોન તથા અપીલ અધિકારી, આરોગ્યઅધિકારીશ્રી(હે.અને હો.)ને તબદીલ કરેલ, જે જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરધ્વારાતા.૨૨/૧૦/૨૦૨૧ થી આર.ટી.આઈ.ની અરજી તેમજ અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરવિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ પ્રાપ્તથયેલ છે. અરજદારશ્રી તરફથી " ખોટો અને અધુરો પ્રત્યુત્તર આપેલ હોય " તેમ કારણ જણાવી નારાજ થઈ **જાહેર માહિતીઅધિકારીધ્વારા આપેલ પ્રત્યુત્તરના ૧૩૧ દિવસ બાદ એટલે કે મુદૃત વીતી ગયા બાદ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ**, પરંતુ આર.ટી.આઈ. એકટનો હાર્દ,હેતુ ધ્યાને રાખી અરજદારશ્રીને માહિતી મળી રહે, તે હેતુસર તેઓની પ્રથમ અપીલ અરજી ગ્રાહય રાખી તે અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૧૯/૦૫/૨૦૨૧ થી માહિતી અધિકારીશ્રી, આરોગ્યઅધિકારી તથા ગુમાસ્તાધારા અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદૃશીને કરેલ અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૩૮૦, તા.૨૦/૦૫/૨૦૨૧ થી ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતીઅધિકારી તેમજ ગુમાસ્તા ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, નોર્થ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજદારશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૧(આઈ.ડી.નં.૩૮૦) નમુના "ક" ની અરજીથી ગોકુલ રસ, પંડોળ, વેડ રોડ પરના સરનામે આવેલ છે (૧) સદરહું ઉપરોકત સરનામાવાળી (ગોકુલ રસ) દુકાનમાંથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ રસના સેમ્પલ લીધા હોય તો તેની સંપુર્ણ માહિતી પુરાવા સાથેની માહિતી.(૨) સદરહું ગોકુલ રસની ચાલી રહેલ દુકાનમાંના વિવિધ રસની સેમ્પલ લઈને તેનો ચકાસણી રીપોર્ટ આપવા વિનંતી. (૩) સદરહું ગોકુલ રસ પાસેથી લીધેલ સેમ્પલની ગુણવત્તાના સેમ્પલ લીધેલ હોય તેની સામે એસ.એમ.સી.ને વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હોય તેની સંપુર્ણ વિગત.(૪) સદરહું ગોકુલ રસ પાસેથી લીધેલ સેમ્પલની ગુણવત્તાના સેમ્પલમાં વાંધાજનક હોય એસ.એમ.સી. ધ્વારા દંડ વસુલવામાં આવેલ હોય તેની માહિતી રસીદ સાથે (૫) સદરહું ગોકુલ રસના ફુડ અને ગુમાસ્તાધારાની સંપુર્ણ વિગતવિગેરે કુલ–૦૯ મુદૃાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે. જે પરત્વે જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારા પત્રનં.પીએચડી/ફુડ/૬૮૩, તા.૨૯/૦૫/૨૦૨૧થી અરજદારશ્રીને તેઓના વિભાગને લાગત અરજીના મુદૃા ૧ થી ૪ તેમજ મુદૃા નં. ૦૫(આંશિક)ની સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ તેમજ સંબંધિત સંસ્થાને આપવામાં આવેલ ફુડ લાયસન્સની કોપીની નકલ અરજદારશ્રીને આપેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૦૧ થી " અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ ઠે.પ્લોટ નં.૮૬, રત્નકલા કોમ્પ., પંડોળ ઈન્ડ., વેડ રોડ, સુરત ખાતેથી તા.૨૪/૦૬/૨૦૨૧ના રોજ મેંગો મિલ્ક શેકનાં બે(૨) નમુનાઓ લેવામાં આવેલ, જેઓ ધારા–ધોરણ મુજબનાં માલુમ પડેલ છે." તે મુજબની માહિતી આપેલ, જેમાં જાહેર માહિતીઅધિકારી અને ફુડ સેફટી ઓફિસરશ્રીધ્વારા તા.૨૯/૧૦/૨૦૨૧ના રોજ પત્ર નં.પીએચડી/ફુડ/૨૭૦૧થી તા.૨૬/૦૪/૨૦૧૯ની જગ્યાએતા.૨૪/૦૬/૨૦૨૧ શરતચુકથી લખાઈ ગયેલ હોવાની જાણ અત્રેના વિભાગને કરેલ છે. જયારે મુદ્દા નં.૨,૩ અને ૪ ની માહિતીનો સમાવેશ મુદ્દા નં.૧ માં થઈ જાય છે અને ફુડ વિભાગધ્વારા કોઈ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ નથી તેમજ મુદ્દા નં.૫ થી સદર સંસ્થાને આપવામાં આવેલ ફુડ લાયસન્સની નકલ પ્રત્યુત્તર સાથે આપેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, જાહેર માહિતીઅધિકારીરશ્રીએ પાઠવેલ પ્રત્યુત્તરના ૧૩૧ દિવસ બાદ અરજદારશ્રીએ કરેલ પ્રથમ અપીલ અરજી, અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૧(આઈ.ડી.નં.૩૮૦)ની આર.ટી.આઈ. એકટની નમુના–'ક' ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીનીઉકત નમુના–'ક' ની અરજી પરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૪ તેમજ મુદ્દા નં.૫(આંશિક)માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. પરંતુ મુદ્દા નં.૧ માં તારીખ લખવામાં શરતચુક થઈ હોય સાચી તારીખ સુધારી નવો પ્રત્યુત્તર પાઠવવા તેમજ ફુડ વિભાગધ્વારા લીધેલ નમુનાના રીપોર્ટની નકલ આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬)અંતર્ગત વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૧/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/22/2021,Dt.12/11/2021**
**આરોગ્યવિભાગ**

**અરજદાર** :–શ્રી જીગીષ સોસા

**સામાવાળા**:–જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીધ્વારાતા.૦૧/૧૧/૨૦૨૧ના રોજ અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. અને હો.), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/ આઉટ/૫૧૧, તા.૦૨/૧૧/૨૦૨૧ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. અને હો.)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીધ્વારા " વરાછા બી–ઝોન જાહેર સત્તામંડળના નિયંત્રણ હેઠળની માહિતીનાગરિકો મેળવી શકે તેવી માહિતીછુપાવવાનો પ્રયાસ કરેલ " હોવાનું કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૦/૦૯/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન–બી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજીથી નમુના "ક" ની તા.૨૦/૦૯/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૬૯૩)ની અરજીથી (૧) વરાછા ઝોન–બીવિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એ વિસ્તારમાં આરોગ્ય ફુડ વિભાગધ્વારાઅન–અધિકૃત પેકેઝડ–ડ્રીન્કીંગ વોટર પ્લાન્ટમાં આપેલ નોટીસોની નકલ આપશો.(૨) વરાછા ઝોન–બીધ્વારા તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એના વિસ્તારમાં પેકેઝડ–ડ્રીન્કીંગ વોટર પ્લાન્ટના FSSAI લાયસન્સ તપાસ કરનાર અધિકારીઓધ્વારા જે તે સમયે ચકાસણી કરવામાં આવેલ હોય, તેની નકલો સહિતનીવિગતવારમાહિતી આપશો. અરજદારશ્રીની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, જે મુજબ જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૮૪૫, તા.૨૦/૧૧/૨૦૨૧ થી અરજદારાશ્રીની આર.ટી.આઈની અરજી ફુડવિભાગને પ્રાપ્ત થયેલ ન હોય, કોઈ પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પુર્તતા વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીનીતા.૨૦/૦૯/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૬૯૩) અરજીથી માંગવામાં આવેલ માહિતી સબબ ફુડ વિભાગને અરજી મળેલ ન હોવાનું જણાવેલ હોય પ્રથમ અપીલ અરજી અન્વયે નમુના 'ક'ની નકલ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જે અન્વયે સદર આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬)અન્વયે અત્રેની જાણ હેઠળ દિન–૧૦ માં અરજદારશ્રીને વિનામુલ્યે માહિતી પુરી પાડવા/ પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. / /૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/23/2021,Dt.12/11/2021**
**આરોગ્યવિભાગ.**

**અરજદાર** :–શ્રી જીગીષ સોસા

**સામાવાળાઃ**– જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

(૧)અરજદારશ્રીધ્વારાતા.૦૧/૧૧/૨૦૨૧ના રોજ અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. અને હો.), સુરત મહાનગરપાલિકાને ઉદૃેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૫૧૧, તા.૦૨/૧૧/૨૦૨૧ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે. અને હો.)ને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીધ્વારા"માહિતીછુપાવવાનો પ્રયાસ કરેલ તથા ગેરમાર્ગે દોરેલ હોવાનું" વિગેરે કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

(૨)અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૨૦/૦૯/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન–એ, સુરત મહાનગરપાલિકાને ઉદૃેશીને કરેલ અરજી આકારણી રીકવરી ઓફિસર(સેન્ટ્રલ ઝોન) અને ઈ.ચા.એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૬૯૨, તા.૨૧/૦૯/૨૦૨૧ થી ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, આરોગ્ય વિભાગ, ઈસ્ટ ઝોન–એ ને તબદીલ કરેલ, જે તેઓ ધ્વારા પત્ર નં.ઇસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક/૯૫૭, તા.૦૧/૧૦/૨૦૨૧ થી જાહેર માહિતીઅધિકારી અને ફુડ ઈન્સ્પેકટર, ફુડ વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. સદર નમુના "ક" ની તા.૨૦/૦૯/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૬૯૨)ની અરજીથી (૧) વરાછા ઝોન–એ વિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એ વિસ્તારમાં આરોગ્ય ફુડ વિભાગધ્વારાઅન–અધિકૃત પેકેઝડ–ડ્રીન્કીગ વોટર પ્લાન્ટમાં આપેલ નોટીસોની નકલ આપશો. (૨) વરાછા ઝોન–એ ધ્વારા તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૨૦/૦૯/૨૦૨૧ દરમ્યાન વરાછા ઝોન–એના વિસ્તારમાં પેકેઝડ–ડ્રીન્કીગ વોટર પ્લાન્ટના FSSAI લાયસન્સ તપાસ કરનાર અધિકારીઓધ્વારા જે તે સમયે ચકાસણી કરવામાં આવેલ હોય, તેની નકલો સહિતનીવિગતવારમાહિતી આપવા જણાવવામાં આવેલ.

(૩)અરજદારશ્રીની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ, જે મુજબ જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૬૩૦, તા.૧૮/૧૦/૨૦૨૧ થી અરજદારાશ્રીની આર.ટી.આઈ ની ઉકત અરજીના અનુસંધાને વરાછા ઝોન–એ વિસ્તારમાં આરોગ્ય ફુડ વિભાગધ્વારાઅનઅધિકૃત પેકેજડ ડ્રિકિંગ વોટર પ્લાન્ટોને આપવામાં આવેલ નોટિસોની કુલ–૧૦ નકલ માટે રૂ.૨૦/– ભરી માહિતી મેળવી પ્રસ્તાવ/પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાયેલ છે.

(૪) જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીને આપવામાં આવેલ પ્રસ્તાવ મુજબ નિયત કરેલ ફી ભરપાઈ કરી માહિતી મેળવવાને બદલે

અરજદારશ્રીધ્વારાઉકત પેરા–(૧)નીવિગતે તા.૦૧/૧૧/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરવિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીનીતા.૨૦/૦૯/૨૦૨૧ (આઈ.ડી.નં.૧૬૯૨)ની આર.ટી.આઈ.ની નમુના–'ક' ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષીરેકર્ડ આધારીત માહિતીપુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતીઅધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારાઅરજદારશ્રીનીઉકત નમુના–'ક' ની અરજી મુદ્દા.નં.૧ અને ૨ ની માહિતી સંદર્ભે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ વરાછા ઝોન–એ વિસ્તારમાં આરોગ્ય ફુડ ધ્વારાઅનઅધિકૃત પેકેજડ ડ્રિંકીગ વોટર પ્લાન્ટોને આપવામાં આવેલ નોટીસોની નકલ મેળવવા કુલ–૧૦ પાનામાં પાના દિઠ રૂ.૦૨/– લેખે રૂ.૨૦/– આ વિભાગ/ કચેરીમાં ભરી મેળવી શકો છો " તે મુજબનો પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ અરજદારશ્રીધ્વારા નકલ મેળવવા ફી ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી, તેમ છતાં આર.ટી.આઈ.એકટના હાર્દ અને હેતુ ધ્યાને લેતાં અરજદારશ્રી જો ઈચ્છુક હોય તો માહિતીઅધિકાર અધિનિયમ–૨૦૦૫ના નિયમ–૫(ખ)(૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી, ફુડ વિભાગધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવ સ્વીકારી નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જે તમામ હકીકતો ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી સબબ વધુ કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.     /૧૨/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/26/2021,Dt.16/11/2021**
**આરોગ્યવિભાગ.**

**અરજદાર :** શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા

**સામાવાળાઃ** જાહેર માહિતીઅધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીધ્વારાતા.૧૦/૧૧/૨૦૨૧ના રોજ કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતીઅધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૫૨૫, તા.૧૧/૧૧/૨૦૨૧ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ, જે અત્રેના વિભાગને તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ પ્રાપ્તથયેલ છે. અરજદારશ્રીએ " પ્રતિભાવ મળ્યો નથી " તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકતવિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીએ તા.૦૩/૦૯/૨૦૨૧ (આઈ.ડી. નં.૧૪૭૪)થી જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ નમુના–'ક' ની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ/૧૪૭૪, તા.૦૪/૦૯/૨૦૨૧ થી ડે.એમ.ઓ.એચ. અને જાહેર માહિતી અધિકારી, વેકશીનેશન બ્રાંચ પ્રતિ તબદીલ કરવામાં આવેલ, જે મુજબ નમુના "ક" ની અરજીથી પાલિકાએ ૨૮ કરોડ રૂપિયા કઈ કઈ હોસ્પિટલને ચુકવ્યા તેની માહિતી આપવી, હોસ્પિટલના નામ, સરનામા સાથે માહિતી આપવી. આ અરજી સાથે પેપર કટીંગને મળેલી ફરિયાદમાં ખોટી રીતે બીલ વસુલનારી હોસ્પિટલ કઈ કઈ છે તેની માહિતી આપવી તેમજ આ હોસ્પિટલ સામે શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માંગેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીધ્વારા તેઓની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતીઅધિકારી તરફથી કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેમ જણાવી તા.૧૦/૧૧/૨૦૨૧ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા જાહેર માહિતીઅધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગ પ્રતિ તા.૧૮/૧૧/૨૦૨૧ થી જણાવવામાં આવેલ, જે પરત્વે કરેલ પુર્તતા મુજબ જાહેર માહિતીઅધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગધ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/૬૭૦, તા.૨૩/૦૯/૨૦૨૧ થી જાહેર માહિતીઅધિકારી અને સેકશન ઓફિસર, હિસાબીવિભાગને આંશિક તબદીલ કરેલ હતી, જયારે તેઓના વિભાગને લાગત મુદ્દા માટે પત્ર નં.પીએચડી/વીએસસી/૬૬૯, તા.૨૩/૦૯/૨૦૨૧ થી અરજદારશ્રીને " સુરત મહાનગરપાલિકાએ હોસ્પિટલ સાથે એમઓયુ કરેલ બીલની ચુકવણી અંગેની

માહિતી માટે આપશ્રીની અરજી એકાઉન્ટ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્થાયી સમિતિ સભ્યોશ્રીના સુચન અન્વયે સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં સ્થાયી સમિતિના બે સભ્યો, બે સુરત મહાનગરપાલિકાના સભ્યો, બે પ્રાઈવેટ હોસ્પિટલના ડોકટર નિયુકત કરવામાં આવેલ છે. આ સમિતિને મળેલ ફરિયાદોનું સ્ક્રુટીની સમિતિધ્વારા ચકાસણી થયા બાદ જે–તે કાર્યવાહી કરવામાં આવશે તથા જે–તે ફરિયાદીને તેની જાણ કરવામાં આવશે" તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

વધુમાં જાહેર માહિતીઅધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગધ્વારા નમુના 'ક'ની અરજી હિસાબીવિભાગને આંશિક તબદીલ કરેલ હોય, અત્રેના વિભાગધ્વારા આપની પ્રથમ અરજી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૪, તા.૩૦/૧૧/૨૦૨૧ થી અપીલ અધિકારીઅને મુખ્ય હિસાબનીશશ્રી, મુખ્યહિસાબી ખાતું, સુરત મહાનગરપાલિકા પ્રતિ તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રીધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતીઅધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરવિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીનીતા.૦૩/૦૯/૨૦૨૧ (આઈ.ડી. નં.૧૪૭૪)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતીઅધિકારનીવ્યાખ્યાઅન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતીઅધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકસીનેશન વિભાગધ્વારાઅરજદારશ્રીનીઉકત નમુના–'ક' ની અરજી પરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દા માટે માહિતી પુરી પાડેલ હોવાનું જણાતું હોય, જયારે અન્યબીલની ચુકવણી અંગેની માંગેલ માહિતી માટે આપશ્રીની જાણ હેઠળ હિસાબીવિભાગમાં તબદીલ કરેલ હોવાનું જણાતું હોય, સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૨/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા